# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧ • તા. ૧૬ જુન થી ૨૨ જુન ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishana Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


|| શ્રી અનંતનાથાય નમઃ ||



## શુભારંભ





## જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


'જ્ઞાતિમૈયા'ના
પ્રકટીકરણનો પ્રસંગ
સમાજના ઈતિહાસમાં
સોનેરી અક્ષરે લખાશે
સુવર્ણ જેવી સચ્ચાઈ,
ચાંદી જેવી ચમક
અને હીરા જેવા પ્રકાશથી
જ્ઞાતિનો પંથ
અજવાળતી રહે
એ જ સદીચ્છા!
– નિશીથ આણંદજી દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નિશીત આણંદજી દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણીલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તીલોકચંદ નરશી દંડ

કિર્તીકુમાર ધનજી ધરમશી

: કાર્યાલય:

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

B-2, Krishana Kunj,

V.L.Road, Mulund (West)

Mumbai - 400 080.

Tel. 9769991922, 9833406124

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

www.gyatimaiya.com

email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# સંપાદક સ્થાનેથી

## ‘જ્ઞાતિમૈયા’ને ખોળે આપનું સ્વાગત છે

સુજ્ઞ જ્ઞાતિજનો,

કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું પોતાનું એક મુખપત્ર હોવું જોઈએ એવો નિર્ણય સમસ્ત જ્ઞાતિ મહાજનના મુંબઈ ખાતે યોજાએલા તૃતીય સમ્મેલનમાં લેવામાં આવ્યો હતો. એ નિર્ણયની ફળશ્રુતિ રૂપે ‘જ્ઞાતિમૈયા’નો આ ડિજીટલ સ્વરૂપમાં પ્રગટ થતો પ્રથમ અંક આપની સમક્ષ મુકતાં અમે આનંદ અને સંતોષની લાગણી અનુભવી રહ્યા છીએ. અત્યાર સુધી ખાનગી પ્રકાશકો દ્વારા અંકો પ્રગટ થતા હતા. સમસ્ત મહાજનના નેજા હેઠળ સમાજનું અધિકૃત મુખપત્ર ‘જ્ઞાતિમૈયા’ આપને રેગ્યુલર સમાચારો આપતું રહેશે.

સામાન્ય રીતે જ્ઞાતિના મુખપત્રોની શરૂઆત પ્રિન્ટ મીડિયાથી થતી હોય છે. પરંતુ વર્તમાન સમયમાં કાગળ અને પ્રિન્ટીંગના વધી રહેલ ખર્ચ તેમ જ મુખપત્રના વિતરણ માટે ખર્ચ તથા તેમાં થતા વિલંબને લક્ષમાં રાખી આધુનિક જમાના સાથે કદમ મિલાવતાં (અને પર્યાવરણ રક્ષાને ધ્યાનમાં રાખતાં પણ) ‘જ્ઞાતિમૈયા’ને ઈલેક્ટ્રોનિક ‘સ્વરૂપે દર શનિવારે પ્રગટ કરવાનું નક્કી કર્યુ છે. ભવિષ્યમાં જરૂરત પ્રમાણે ‘જ્ઞાતિમૈયા’ના પ્રકાશનમાં સમય સમય ફેરફાર કરવામાં આવી શકે છે.

‘જ્ઞાતિમૈયા’ને ખરા અર્થમાં સમાજનું પ્રતિબિંધ બનાવવાની અમારી નેમ છે. તેથી મુંબઈ, કચ્છ, સમસ્ત ભારત અને વિશ્વમાં કાર્યરત ગામેગામના મહાજનો, સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિગત સમાજબંધુઓને તેમની ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, વૈદ્યકીય કે અન્ય અગત્યની પ્રવૃતિઓના સમાચારો અને હિસાબો ‘જ્ઞાતિમૈયા’માં પ્રગટ કરવા મોકલી શકે છે.

ડિજીટલ સ્વરૂપે પ્રગટ થતું હોવાથી તેમાં જાહેરખબર આપવાનો ખર્ચ પણ ખૂબ ઓછો આવે છે અને વિશ્વના દરેક ખૂણામાં આપના વ્યવસાયની જાહેરાત પહોંચી જાય છે. જેનો લાભ જાહેરાતદારોને મળશે.

સમાજના યુવાવર્ગને આકર્ષવા માટે ‘જ્ઞાતિમૈયા’માં પ્રગટ કરવાની વિગત ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજીમાં પણ સ્વીકારવામાં આવશે. સમાજના અબાલવૃનો આ ‘જ્ઞાતિમૈયા’ની ખોળામાં આવકાર છે.

ચાલો ‘જ્ઞાતિમૈયા’સંગે આપણે સંગઠનથી પ્રગતિ પંથે પ્રયાણ આદરીએ.

જય જ્ઞાતિમૈયા!


Wedding Wear
Readymade
Salwar Zabba
& variety of fabrics
Formal Wear
All branded fabrics
like Raymonds,
Reid & Taylor, Arvind &
exclusive Italian fabrics
RIBAAL
Stitch-Ell
GENT'S BOUTIQUE
3, Sheetal Chhaya, J.N. Road, Mulund (W), Mumbai - 400 080.
E-mail : stitch_ell@hotmail.com
Ph. : 022-2564 6238



# બા-અદબ, બા-મુલાહિજા, હોશિયાર, 'જ્ઞાતિમૈયા' પધાર રહે હૈં!

*- નિશિતભાઈ દંડ (સેક્રેટરી જનરલ)*

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમસ્ત મહાજન**

જ્ઞાતિમૈયાના સ્નેહભર્યા ખોળે રમતા સૌ જ્ઞાતિજનોનું 'જ્ઞાતિમૈયા'ના આ પ્રથમ અંકમાં સ્વાગત છે. મુંબઈ, કચ્છ અને સમસ્ત વિશ્વમાં પ્રસરેલા આપણા જ્ઞાતિબંધુઓને સમસ્ત મહાજન દ્વારા પ્રકાશિત આ ઈ-જ્ઞાતિપત્ર 'જ્ઞાતિમૈયા' દ્વારા એકતાંતણે બાંધવલાનો નમ્ર પ્રયાસ છે. આશા છે આપ સૌ એને વધાવી લેશો.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ પદે નિમાયા પછી જ્ઞાતિહિતના કાર્યો કરવામાં સરળતા અને સુગમતા થાય એ હેતુથી વહેલી તકે કાર્યાલય શરૂ કરવા માટેનો સંકલ્પ કર્યો અને પ્રવીણભાઈ લોડાયા અને કીર્તિભાઈ ધરમશી સહિત અનેક અગ્રણીઓની કાર્યક્ષમતાથી શનિવાર, તા.૧૮ મે ૨૦૧૮ના મુલુંડ (વેસ્ટ)માં વાલજી લધા રોડ પર સ્થિત કૃષ્ણ કુંજ બિલ્ડીંગમાં સમસ્ત મહાજનના કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયું.

કાર્યાલયના શુભારંભ બાદ ધાર્મિક, શૈક્ષણિક, વૈદકીય, કાયદાકીય, વ્યાપારિક, યુવા અને મહિલા શક્તિ સંગઠન જેવા વિવિધ જ્ઞાતિ ઉત્કર્ષના ક્ષેત્રો માટે સમિતિઓનું ગઠન કરી પ્રત્યેક સમિતિ માટે ટ્રસ્ટીઓ નિમવામાં આવ્યા. જ્ઞાતિમૈયા માટે કટિબદ્ધ આ ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિ અને પ્રયત્નોથી જ્ઞાતિ હજુ વધારે ગતિથી પ્રગતિ કરશે એ નિ:શંક છે.

ક.દ.ઓ.જ્ઞાતિમાં એકતા અને સહકારની ભાવના બળવત્તર બને અને વિવિધ ગામોના મહાજનો દ્વારા થતી પ્રવૃત્તિઓ અને તેમના હિસાબોમાં પારદર્શિતા આવે અને સહકારની ભાવના વધે તે હેતુથી સમસ્ત મહાજન તરફથી એક ઈ.મુખપત્ર શરૂ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો અને પ્રચાર અને પ્રસારણ સમિતિના ટ્રસ્ટીગણના મહેનત અને અનુભવના નિચોડરૂપ 'જ્ઞાતિમૈયા'નો પ્રથમ ઈલેક્ટ્રોનિક અંક આપની સમક્ષ છે. અત્યારે પ્રાયોગિક ધોરણે અઠવાડિક સ્વરૂપે પ્રગટ થનારા 'જ્ઞાતિમૈયા'ને દૈનિક, પાક્ષિક કે માસિક ધોરણે પ્રગટ કરવાની અને જરૂર પડ્યે તેને પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત કરવાની પણ પ્રચાર અને પ્રસારણ સમિતિની તૈયારી છે.

આશા છે દરેક ગામના મહાજનના સહકારથી 'જ્ઞાતિમૈયા' સમાજની સેવા દ્વારા એકતાને ઓર મજબૂત બનાવશે.

# VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY

## CERTIFICATE COURSE

**40 Years** Experience in Mehendi

All Types of Mehendi & Personality Development

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western Etc.

**Women's Day** Special Discount



**Malad (W):**
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717

**Masjid Bunder (W):**
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717

Out of Mumbai, Inquiries also Available.

Special Discount For **S.S.C.**

Email: veenanagda17@gmail.com

**We also book bridal & party orders**

www.veenabollywoodmehendi.com

## ‘જ્ઞાતિમૈયા’ને નમન સહિત આવકારીએ



**તિલોકચંદ નરશી દંડ**

શ્રી કચ્છી દશા ઓશવાલ સમસ્ત મહાજનએ નવા જોમ અને જોશ સાથે આરંભેલી અનેક નવી પ્રવૃતિઓના એક ભાગરૂપ ઈલેક્ટ્રોનિક-જ્ઞાતિપત્ર ‘જ્ઞાતિમૈયા’ના પ્રગટીકરણ પ્રસંગે આનંદની લાગણી વ્યક્ત કરૂ છું.

કોઈપણ સમાજમાં સહકાર અને એકતાની જ્યોત અખંડ જલતી રાખવા એક મુખપત્ર અનિવાર્ય છે. આજથી પ્રકાશિત થઈ રહેલ ‘જ્ઞાતિમૈયા’ સમસ્ત સમાજને જોડતી કડી બની રહેશે તેમાં બે મત નથી.

વિવિધ ગામોના મહાજનો દ્વારા થતી ધાર્મિક, શૈક્ષણિક, વૈદકીય કે અન્ય પ્રવૃતિઓના વાર્ષિક સંક્ષિપ અહેવાલ અને હિસાબ રજૂ કરવા માટે પ્રત્યેક ગામના મહાજનને વરસે બે પેજ નિઃશુલ્ક આપવામાં આવશે. આશા છે આ સગવડનો લાભ લઈ વિવિધ ગામના મહાજનો તેમની પ્રવૃતિઓના અહેવાલ ‘જ્ઞાતિમૈયા’ના માધ્યમથી સમસ્ત સમાજ સુધી પહોંચાડશે. ચાલો, ‘જ્ઞાતિમૈયા’ના સંગે આપણે સહકાર અને પ્રગતિના પંથે અગ્રેસર થઈએ.

## સમાજના ડિજીટલ મુખપત્ર ‘જ્ઞાતિમૈયા’નું હૃદયપૂર્વક સ્વાગત



**પ્રવિણ હંસરાજ લોડાયા**

શ્રી કચ્છી દશા ઓશવાલ સમસ્ત મહાજનના નેજા હેઠળ જમાના સાથે કદમ મિલાવતા ઈલેક્ટ્રોનિક જ્ઞાતિપત્ર ‘જ્ઞાતિમૈયા’ના પ્રથમ અંકનું ‘દર્શન’ કરાવતાં ખુશી થાય છે. પારંપારિક રીતે જ્ઞાતિના મુખપત્રો પ્રિન્ટ મીડિયામાં પ્રકાશિત થતા હોય છે. પ્રિન્ટિંગ અને ડીસ્ટ્રીબ્યુશનના વધતા જતા ખર્ચને કારણે અતિશય ખર્ચાળ થતા જાય છે. ‘જ્ઞાતિમૈયા’ને ડિજીટલ સ્વરૂપે પ્રગટ કરવાથી તેમાં જાહેરાતના દર પણ ઓછા રહેશે જેનો લાભ વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો લઈ શકશે. વિતરણ કરવાની કડાકૂટ ન હોવાથી અંક અપલોડ થતાં જ ક્ષણવારમાં વિશ્વના કોઈપણ ભાગમાં તેને વાંચી શકાશે. આશા છે આધુનિક યુગની ટેકનોલોજી સાથે કદમ મિલાવતા ‘જ્ઞાતિમૈયા’ ઈ-જ્ઞાતિપત્રને સમાજના સૌ વર્ગોવધાવી લેશે.

## ‘જ્ઞાતિમૈયા’ ખરા અર્થમાં સમસ્ત સમાજને જોડતી કડી બની રહેશે



**કિર્તીકુમાર ધનજી ધરમશી**

શ્રી કચ્છી દશા ઓશવાલ સ્મસ્ત મહાજન દ્વારા પ્રકાશિત ‘જ્ઞાતિમૈયા’નું સ્વાગત કરતાં હર્ષ અનુભવું છું. આ પ્રકાશનનો હેતુ સમાજમાં વિવિધ ગામના મહાજનો દ્વારા ચાલતી પ્રવૃતિઓ વિષે સમસ્ત સમાજને માહિતગાર કરી એકતાની ભાવના મજબૂત કરવાનો છે. ‘જ્ઞાતિમૈયા’ ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં હોવાથી સમાજના આધુનિક ટેક્નોલોજીથી ટેવાયેલો યુવા વર્ગ પણ તેનો સરળતાથી ઉપયોગ કરી શકશે અને જ્ઞાતિના મુખ્ય પ્રવાસમાં ભળી શકશે.

એક જાગૃત જ્ઞાતિજન તરીકે ‘જ્ઞાતિમૈયા’માં આપના વ્યવસાયની જાહેરખબર સહિત આપના વિસ્તારના સમાચારો, મોટીવેશનલ ઓર્ટિકલ્સ, સાહિત્ય રચનાઓ તેમ જ અન્ય ઉપયોગી વિગત મોકલી સહકાર આપવા આપ સૌને નિમંત્રણ છે.

વાચકોનો પ્રેમ અને સહકાર એ જ ‘જ્ઞાતિમૈયા’ના હૈયાનો ધબકાર બની રહેશે.

# પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે સ્મૃતિ શ્રદ્ધાંજલિ



# સ્વ.ચંદ્રસેન હિરાચંદ મોમાયા (CM)

**ગામ : વરાડીયા - ઘાટકોપર**

સાથવિખૂટો : શનિવાર તા.૧૭-૬-૨૦૧૭

અંજલિ આપતા હૈયું તૂટે છે,
શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે.
કુદરતના ખજાનામાં ખોટ પડે છે
ત્યારે ધરતીના મધમધતા ફૂલોને ચૂંટે છે.

તમારી કર્તવ્યનિષ્ઠા, ફરજ પ્રત્યે સમર્પણ ભાવ, સહયોગીઓ સાથે આત્મીયતા
સદાય તમારી સ્મૃતિ કરાવતી રહેશે...
આપણો વર્ષોનો સાથ વિખૂટો પડ્યો, તેને એક વર્ષ પૂર્ણ થયું,
તે નિમિત્તે આપને યાદ કરી સ્મૃતિ શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

## મિત્રો, સ્નેહીજનો તેમજ સ્વજનો

# શ્રી અરિહંત કો. ઓપ. બેન્ક દ્વારા ધો.૧૦ માં મુંબઈમાં પ્રથમ આવનાર કુ. રાશિ શાહનું સન્માન

શ્રી અરિહંત કો. ઓપ. બેન્ક દ્વારા આ વર્ષે દશમા ધોરણના બોર્ડ પરીક્ષામાં ૯૯ % માકર્સ મોળવીને મુંબઈમાં પ્રથમ આવનાર કુ. રાશિ સચિન શાહ (છેડા)નું સન્માન કરવામાં આવ્યું હતું. અરિહંત બેન્કની ઘાકોપર બ્રાન્ચના મેનેજર નિલેશ મોમાયાએ કુ. રાશિનું સેવિંગ્સ બેંક એકાઉન્ટ ખોલ્યું હતું. શ્રી અરિહંત બેંકની બધી જ શાખો તેમના વિસ્તારમાં બોર્ડ / યુનિવર્સિટી પરીક્ષામાં પ્રથમ નંબર મેળનાર વિદ્યાર્થીઓનું સન્માન કરશે.



કુ. રાશિ શાહ અને તેના દાદી-દાદા પ્રભાબેન અને મધુકાન્ત વિસનજી શાહનું સન્માન કરી રહેલા શ્રી અરિહંત બેંકના નિલેશ મોમાયા.


**VIPUL ESTATE AGENCY**

MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)

• Mulund • Bhandup •Thane
& All Over Mumbai

Email : vipularmada@gmail,com

Vipul L. Poladia
9833060660,
9869167172,
8369170575

Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479



**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)**

શનિવાર અષાઢીબીજ ને
તા.૧૪-૦૭-૨૦૧૮ના સવારના ૭ વાગ્યે
અ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરેશ્વરજી
મ.સા. શ્રી જયકિર્તીશ્રીજીનો
ના આજ્ઞાવર્તિની ચાતુર્માસ
પ્રવેશ નલીયા તિર્થે થશે.
તો સૌ નલીયાવાસીઓ તથા ગામની
નિયાણીઓ એવમ્ સકળ સંઘને પધારવા
આમંત્રણ / વિનંતી છે.

લી. ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન
નલીયા ના ટ્રસ્ટીગણ

## ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી રૂપ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન નલિયા મુકામે તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે આયોજિત થઈ રહ્યું છે.

ચતુર્થ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને અન્ય મુખ્ય સંસ્થાઓના પદાધિકારીઓ કે ટ્રસ્ટીશ્રીઓ અને સમસ્ત મુંબઈના જ્ઞાતિજનો તથા સમસ્ત મહાજનના અધિકારીઓ એવમ ટ્રસ્ટીઓ સાથે ચતુર્થ જ્ઞાતિ સંમેલનની સંપૂર્ણ ચર્ચા વિચારણા કરવા મુંબઈ મહાજનશ્રી દ્વારા એક સભા આયોજિત કરવામાં આવેલ છે એમ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

સ્થળ : શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધિ, ૧૦૭ એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ.

શનિવાર તારીખ તા.૦૭-૦૭-૨૦૧૮ને સાંજના ૬.૩૦ કલાકે સભા શરૂ થશે.

## વિવિધ ગામોમાં વાછરાદાદાના ધજા મહોત્સવ યોજાયો

વરાડીયા ગામે વાછરાદાદાની ધ્વજા મહોત્સવ તા.૬-૪-૨૦૧૮ના ઉજવામાં આવેલ. પહેડી પ્રસાદ સારી સંખ્યામાં હાજર રહેલ. વડસર/સુખપર ગામે તા.૧૩-૪-૨૦૧૮ના વાછરાદાદાની ધ્વજા મહોત્સવ ઉજવાયો. જખદાદા તેમજ રતાપીરની પહેડી પ્રસાદ કરવામાં આવેલ. મુંબઈથી હેમંત મોતા, જીતુભાઈ ખોના, ભાનુશાલી સમાજ ગામવાસીઓ સારી સંખ્યામાં હાજર રહેલ.

પરજાઉ ગામે તા.૨૫-૪-૨૦૧૮ના વાછરાદાદાની ધ્વજા મહોત્સવ ઉજવામાં આવેલ. ગામના જૈન-જૈનેતર સારી સંખ્યામાં હાજર રહેલ. પહેડી પ્રસાદ કરાવવામાં આવેલ.


**જ્ઞાતિમૈયા માં**
**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

**પત્રકારત્વની બેધારી તલવાર પર નિષ્પક્ષતાથી ચાલી સમાજની પ્રગતિનો પંથ 'જ્ઞાતિમૈયા' સદાય અજવાળતી રહે એવી શુભકામના !**



**રાજેન્દ્ર મણીલાલ ખોના**
**(સુથરી)**

# અરિહંત બેન્કનું એક્ષાઈડ લાઈફ ઈન્સ્યોરન્સ સાથે ટાઈઅપ





શ્રી અરિહંત કૉ.ઓપ.બેન્ક લિમિટેડએ એક્ષાઈડ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની સાથે તેમની લાઈફ ઈન્સ્યુરન્સ પોલિસીએ વેચવા માટે રીસ્ક પાર્ટીસિપેશન વિનાના કોર્પોરેટ એજન્ટ તરીકે ટાઈ-અપ કર્યુ છે.

અરિહંત બેન્કએ કોર્પોરેટ એજન્ટ તરીકે લાઈફ ઈન્સ્યુરન્સ અને જનરલ ઈન્સ્યુરન્સનો બિઝનેસ કરવા IRDA સાથે રજીસ્ટ્રેશન કર્યું છે. એક નવી પહેલ તરીકે બેંક હવે એક્ષાઈડ લાઈફ ઈન્સ્યુરન્સ કું.લિ.ની વિવિધ લાઈફ ઈન્સ્યુરન્સ પ્રોડક્સનું વેચાણ કરશે.

શનિવાર તા. ૨ જુનના સાજે ૭ વાગ્યે ટીપ ટોપ પ્લાઝાના સ્ટુડિયો-૯૯માં યોજાયેલા એક સમારંભમાં આ ટાઈ-અપની ઔપચારિક ઘોષણા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં એક્ષાઈડના રીજિઓનલ મેનેજર વિનીત જૈન અને માર્કેટીંગ હેડ સુશીલ ક્ષીરસાગર અને તેમની ટીમ સહિત અનેક ઓફિસર્સ ઉપસ્થિત રહ્યા હતા. અરિહંત બેન્કના ચેરમેન હિરાચંદ દંડ, ડાયરેક્ટરો હંસકુમાર છેડા, કિરણકુમાર મોમાયા, રતિલાલ શાહ, સીઈઓ કિરણ પટેલ અને ૮૦ થી વધારે સ્ટાફ મેમ્બર્સ હાજર રહ્યા હતા.

સમારંભની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. એક્ષાઈડના પદાધિકારીઓએ અરિહંત બેન્કના ચેરમેન, ડાયરેક્ટર્સ અને સીઈઓનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યુ હતું. એક્ષાઈડના ટ્રેનિંગ હેડ અમોઘ દેશપાંડેએ કંપની અને તેની વિવિધ ઈન્સ્યુરન્સ પ્રોડક્સનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. આ પ્રસંગે બેન્કના ચેરમેન હિરાચંદ દંડએ ઉપસ્થિતોને સંબોધન કર્યુ હતું. કિરણ પટેલે તેમના વક્તવ્યમાં બેન્કના સ્ટાફને ઈન્સ્યુરન્સ પ્રોડક્ટસને સમજી લેવા અને ઈન્સ્યુરન્સ બિઝનેસમાં પારદર્શિતા રાખી ખોટી ઈન્ફોર્મેશનથી કદી પણ પોલિસી ન વેચવા સલાહ આપી હતી.

જે સ્ટાફ મેમ્બર્સ ઈન્સ્યુરન્સ પોલિસીના સંભવિત કસ્ટમર્સને તૈયાર રાખ્યા હતા. તેમને પુષ્પગુચ્છ અને એપ્રિસીએશન સર્ટી ફિકેટથી સન્માનવામાં આવ્યા હતા. એક્ષાઈડના રિજીઓનલ મેનેજર વિનીત જૈને તેમના પ્રવચનમાં અરિહંત બેંકનો તેમની સાથે ભાગીદારી કરવા આભાર માન્યો હતો. તેમણે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી સાથે કહ્યું હતું કે તેમના તરફથી બિઝનેસ માટે કોઈ દબાણ કે મિસ-સેલિંગ નહીં થાય.

અરિહંત બેંક વતીથી ડાયરેક્ટર કિરણકુમાર મોમાયાએ કાર્યક્રમની સુંદર વ્યવસ્થા કર્યા બદલ એક્ષાઈડ ઈન્સ્યુરન્સનો અને ઉપસ્થિત રહેવા બદલ સૌ સ્ટાફ મેમ્બર્સનો આભાર માન્યો હતો.

સ્વાદિષ્ટ ડિનર સાથે કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.



# શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ દ્વારા સિનીયર સિટીઝનો માટે પેન્ટોલોજી કાર્યક્રમનું આયોજન ભવ્ય રીતે સંપન્ન





ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળની નવી ટીમની સીટીઝન વેલફેર ફોરમના તેજસ લાલકા, સંદિપ શાહ, નીતલ લોડાયા, સેજલ દંડ, વીરાજ ધુલ્લા દ્વારા ૬મે ૨૦૧૮ રવિવારના દિવસે ‘તથાસ્તુ હોલ’, કાલીદાસ કોમ્પલેક્ષ, મુલુંડ ખાતે ૫૫ વર્ષથી વધુ વયના સિનિયર સીટીઝન, જ્ઞાતિજનો માટે એક અનોખા Paintology પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. વરીષ્ઠ જ્ઞાતિજનોને અતીતમાં લઈ જઈ આનંદ માણવાનો આ કાર્યક્રમ બહુ જ રસપ્રદ અને અનોખો રહ્યો હતો.

૪૦-૫૦ વર્ષ પહેલા સ્કૂલ/કોલેજમાં અભ્યાસ કરતાં ચિત્રકામ કરતાં તે પ્રમાણે કલાસમાં બધાયે સાથે બેસીને પીંછી અને રંગ સાથે કલાકારી કરી હતી. ૬૦ જેટલા સીનીયર સીટીઝન સભ્યોએ બે કલાક આનંદ સાથે સમય વિતાવ્યો હતો. વિરાજ ધુલ્લાએ કાર્યક્રમના સંચાલન તથા માહિતી આપીને ક.દ.ઓ.પુત્રી અંજલીબેન કેતન કારાણી સાથે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેમજ સ્વયંસેવકોએ પ્રશંસનીય સેવા આપી હતી. પોતે ચિતરેલા ચિત્રકામ સાથે ગ્રુપ ફોટો પડાવી અને આવાજ બેનમુન કાર્યક્રમો યોજવાના આશિર્વાદ આપીને વડીલ જ્ઞાતિજનો વિખરાયા હતા.



# બાળકોને બેંકનું શૈક્ષણિક જ્ઞાન મળે તે માટે અરિહંત બેંકની અનોખી પહેલ



બાળકોને નાનપણથી બેંકની કાર્યવાહી તથા બેંકિંગને લગતા રોજીંદા વ્યવહારોનું જ્ઞાન મળે એ હેતુથી બાળકો માટે અરિહંત કો-ઓપ. બેંકની મુલુંડ શાખા દ્વારા તા.૭મી મેના મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમ્યાન મુલુંડ બ્રાન્ચના મેનેજર રંજના પાટીલ અને સ્ટાફ દ્વારા બાળકોને બેંકની કાર્યવાહી વિષે સમજ આપી હતી તેમજ એટીએમમાંથી પૈસા કાઢવા, પે-ઈન સ્લીપ ભરવી, ચેક લખવા જેવી રોજીંદી બેંકિંગ પ્રવૃત્તિઓનું ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. તાજેતરમાં કદઓ સમાજના બાળકો માટે કિડ્સહીબીશન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં અરિહંત બેંકની મુલુંડ શાખા દ્વારા સર્વ બાળકોને પીગી બેંક ભેટ આપવામાં આવી હતી અને તેમાં પૈસાની બચત કરી બેંકમાં જમા કરાવવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો. તદનુસાર બાળકોને બેંકિંગ વિષે સવિસ્તર માહિતી આપવા સમાજના બાળકો માટે આ શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્ય સમાજ કે સંસ્થાઓને બાળકો માટે અરિહંત બેંકની શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવાની ઈચ્છા હોય તેમણે બ્રાંચ ડાયરેક્ટર યશોધન કારાણીનો ૯૮૨૧૧૩૭૭૩૭ પર સંપર્ક કરવો.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984




Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Laherin Khona
(Sujapar)

anmol COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS





/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com

# ડોંબીવલીની બહેનો માટે નિઃશુલ્ક મહેંદી વર્ગ યોજાયા



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ડોંબીવલીની બહેનો માટે નિઃશુલ્ક મહેંદી તાલીમ વર્ગ તા.૨-૪-૨૦૧૮ થી ૯-૬-૨૦૧૮ દરમ્યાન પરિપૂર્ણ થયા.

મહેંદી નિષ્ણાત ડોંબીવલીના જ બહેન શ્રીમતી દર્શના ઉદિત ધરમશીએ નિસ્વાર્થપણે સેવા આપી ૯ બહેનોને તાલીમ પોતાના નિવાસસ્થાને આપેલ.

૦૯-૬-૨૦૧૮ના તાલીમ વર્ગ પુર્ણતાએ દર્શનાબેન ધરમશીના નિવાસસ્થાને મુંબઈ મહાજનના માનદમંત્રી રમેશ લોડાયા, સમૂહલગ્નના કન્વીનર/વ્યવસ્થાપક સમિતિના સભ્ય દક્ષાબેન મોતા તેમજ સંનિષ્ઠ કાર્યકર જસ્મીન સાયલાએ ઉપસ્થિત રહી દર્શનાબેનનું બહુમાન કરેલ. દર્શનાબેનને સેવાર્થે કાર્યરત રહેવા ઈશ્વર શક્તિ આપે એ જ પ્રાર્થના.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

**ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા**

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કચ્છ સાંધાણ ગામનું ગૌરવ





તા, ૨૧-૫-૨૦૧૮ના સવારે ૬.૦૦ કલાકે શ્રી સાંધાણ ગામમાં પ.પુ.તપસ્વીરત્ન અચલગચ્છાધિ પતિ આ.ભ. ગુણોદય સાગર સુરીશ્વરજી મા. સાહેબ પધારેલ.

ગામવાસીઓ બહોળી સંખ્યામાં તેમનો ઉમળકાભેર સામૈયો કરી સાથે સાધુ-સાધ્વી ગણ દરેકજણ વરોઘોડા સાથે જૈન દેરાસર પોહોચ્યા ત્યાં ચૈત્યવંદન, માંગલીક, ગુરૂવાણી પૂ.આચાર્યએ સંભળાવી. ત્યાર બાદ જીર્ણોધારનું કામ ચાલુ છે. ત્યાં પહેલી શિલા ઉપર વાસક્ષેપ નાખી આર્શીવાદ આપ્યા અને ત્યારબાદ પુ.આ વિરભદ્રસાગર સુરીશ્વરજીમાં સાહેબ વ્યાખ્યાન આપ્યું. ત્યાંથી વિહાર કરતાં નવું અતિથિ ગૃહ બધાય છે. શ્રી કીર્તીકુમાર વેલજી ધરમશી તથા શ્રી સંઘની વિનંતીને માન આપી પુ. આચાર્ય શ્રી એ ત્યાંપણ વાસક્ષેપ અને આર્શીવાદ આપી ભેંઠેડી ગામ તરફ પ્રયાણ કરેલ આજું બાજુનાં ગામથી કોઠારા, સુથરીનાં સંઘો પધારેલ અને નવકાશી સાથે વાપરી અને બધા ભેગા છુટા થયા.

આ કામમાં શ્રી રાજેન્દ્ર ચુર્લા, કીર્તી ધરમશી ગુલાબ, દામજી ધરમશી વગેરે સારી જહેમત ઉઠાવેલ, છેલ્લે શાન્તીનાથની જય બોલાવી બધા છુટા પડેલ.

SHUBH
DIAMONDS
RAJENDRA MOMAYA
rmomaya@shubhdiamonds.com
+91 9884149494
LIFE MEMBER
2, 5th Floor, Crown Court Building, 128, Cathedral Road,
Chennai - 600 086. Tel.: +91 44 4314 1444 / 1555
www.shubhdiamonds.com


जुना दो नया लो
Exchange Offer off
upto 20%
* conditions apply
Only on This Brands
Jean Fendi
SWISS QUARTZ
RAYMOND RENEE
ESPRIT
pierre cardin
ESPRIT
The TITAN Gallery
Sainath Plaza, Nehru Road, Mulund (W), Tel.: 2592 4869

## ૮ મહિના પહેલાં ગંભીર અકસ્તમાતમાંથી જીવન મરણ વચ્ચે ઝોલા ખાતી હોવા છતાં S.S.C. માં ૯૧ ટકા મેળવ્યા

# ખુશી દંડની હિંમતને સલામ



Where There is a will, there is a way એ ઉક્તિને સાર્થક કરતા શહાડની ખુશી દંડ એ હિંમત અને દ્રઢ નિશ્ચયથી ધારી સફળતા મેળવી શકાય એ હકીકતનું જીવતું પ્રેરણાદાયક ઉદાહરણ છે.

૨૦૧૭ની બીજી ઑક્ટોબરે માર્ગ-અકસ્માતમાં પેડુ કચડાઈ જતાં કિડની અને લિવરને નુકસાન પહોંચ્યું અને શરીરનું અડધું લોહી પણ ગુમાવી ચૂકેલી શહાડની ટીનેજર ખુળી દંડે જ.જ.ઈ. ની પરીક્ષામાં ૯૧ ટકા માર્કસ મેળવ્યા છે. એક ગંભીર અકસ્માતમાં ટ્રકનું પૈડું ખુશીની કમર પરથી ફરી વળ્યું હતું. એ વખતે સારવાર માટે થાણાની જ્યુપિટર હૉસ્પિટલમાં તેને દાખલ કરવામાં આવી ત્યારે ત્યાંના ડૉક્ટરોને ખુશી જીવશે કે નહીં એની ખાતરી નહોતી અને જો જીવે તો સળંગ એક કલાક રણ બેસવાની ક્ષમતા ન રહે એવી શક્યતા હતી.

શહાડની રહેવાસી ૧૬ વર્ષની ખુશી દંડે કહ્યું હતું કે '૨૦૧૭ની બીજી ઑક્ટોબરે હું મામાની સાથે સ્કૂટી પર કલ્યાણના એક્મોલમાં ગઈ. ત્યાંથી પાછા આવતી વખતે અચાનક સ્કૂટી લપસી પડતાં હું બાજુમાંથી પસાર થતી ટ્રકના આગળના ટાયર નીચે આવી ગઈ હતી. ત્યાર પછી મામા સહિત કેટલાક લોકો મને લઈને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા. ત્યાં અમને ખૂબ રાહ જોવડાવી હતી અને એટલા વખતમાં મેં ભાન ગુમાવ્યું હતું.'

લગભગ બે હોસ્પિટલે દાખલ કરવાનો ઇનકાર કરતાં ખુશીની હાલત વણસી ગઈ હતી. ત્યાર પછી પેરન્ટ્સ ખુશીને થાણેની જ્યુપિટર હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલના ડોક્ટર આશિષ ફડનીસે ખુશીની સ્થિતિ વિશે જણાવ્યું હતું કે 'છોકરીને અહીં લાવવામાં આવી ત્યારે લગભગ મૃત્યુની નિકટની સ્થિતિમાં હતી. તેના શરીરમાંથી અડધોઅડધ લોહી ઓછું થઈ ગયું હતું. પીઠ પરની ચામડી ખલાસ થઈ ગઈ હતી. પેડુનો ભાગ તૂટી ગયો હોવાથી કિડની અને લિવરને નુકસાન થયું હતું. ૨૪ કલાકમાં ખુશીને ૮ યુનિટ લોહી ચડાવવામાં આવ્યું હતું. ખુશીને દાખલ કર્યા પછી ચોથા દિવસ સુધી તે જીવશે કે નહીં એની ખાતરી નહોતી. તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતાં હતી. જોકે તે ધીમે ધીમે સાજી થવા માંડી અને ભાનમાં પણ આવી. ખુશી ભાનમાં આવ્યા. પછી નાની અને મોટી ૨૦ જેટલી સર્જરી કરવામાં આવી.

સારવાર દરમ્યાન ગયા નવેમ્બર મહિનામાં એક દિવસ ખુશીએ તેની મમ્મી સપના પાસે જ્જઈની પરીક્ષા આપવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. ખુશીની વાત સાંભળીને તેનાં પપ્પા-મમ્મીને આંચકો લાગ્યો હતો અને ભારે આર્ચ થયું હતું. તેની મમ્મી સપના પ્રી-પ્રાઇમરી સ્કૂલમાં ટીચર છે. માંડ પાંચ મિનિટ પણ બેસવાની ક્ષમતા ન હોવાથી ડોક્ટરોએ પરીક્ષામાં બેસવાની પરવાનગી નકારી હતી. એ સ્થિતિમાં ભણવાનું લગભગ અશક્ય જણાતું હતું. ખુશીએ બનતા બધા પ્રયાસો કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

ખુશી ડિસેમ્બર મહિનાના અંતમાં ઘરે પહોંચી ત્યારથી તેણે ભણવાનું શરૂ કરી દીધું હતું. જાન્યુઆરી મહિના દરમ્યાન ફિઝિયોથેરપી સેશન્સ અને ફોલોઅપ ટ્રીટમેન્ટમાં પણ ઘણો સમય પસાર થતો હતો. જ્જઈની પ્રિલિમિનરી એક્ઝામ પૂરી થઈ અને ખુશીના ક્લાસમેટ્સ રિવિઝન કરતા હતા ત્યારે ખુશીએ ભણવાનું શરૂ કર્યું હતું. ૨૦૧૮ના માર્ચ મહિના સુધી ટ્રીટમેન્ટ અને ભણતર સમાંતર રીતે ચાલતાં હતાં. ખુશી ત્રણ કલાક બેસી શકે એવી સ્થિતિમાં હતી. રાઇટર અને વ્હીલચેર કે સ્ટ્રેચરની મદદ લેવાનો ઇનકાર કરતાં ખુશીએ અન્ય ક્લાસમેટ્સની સાથે બેસીને પરીક્ષા આપી હતી. ખુશીએ જણાવ્યું હતું કે 'શૈક્ષણિક વર્ષ શરૂ થયું ત્યારે મને ૯૭ ટકા કરતાં ઓછા માર્ક્સ મળવાની અપેક્ષા નહોતી, પરંતુ અકસ્માતને કારણે ૯૧ ટકા મેળવ્યા. મારા પેરન્ટ્સ બેહદ ખુશ થયા છે. અત્યારે મને એવું લાગે છે કે મેં થોડી વધારે મહેનત કરી હોત તો ૯૫ ટકા તો મેળવી શકી હોત.'

ફેબ્રિક કંપનીમાં સેલ્સમેનની નોકરી કરતા ખુશીના પપ્પા વિમલ દંડે કહ્યું હતું કે 'હું આંસુઓ સિવાય કોઈ લાગણી વ્યક્ત કરી શકતો નથી. મારી દીકરીની સફળતા વર્ણવવા મારી પાસે શબ્દો નથી. એક વખત તો અમે વિચારતા હતા કે તે જીવશે કે નહીં. જો જીવે તો તેનું જીવન કેવું હશે. જોકે ઈશ્વર અને ડોક્ટરોએ ચમત્કાર કર્યો છે. અમે ખૂબ ખુશ છીએ.'

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે વડોદરામાં ચર્ચા-વિચારણા સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનનું ચતુર્થ સમ્મેલન નલિયા મુકામે તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલિયાના યજમાન પદે આયોજિત થઈ રહ્યું છે.

ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, વડોદરા, અમદાવાદ, સુરત, વાપી, વલસાડ, અંકલેશ્વર, આણંદ, હાલોલ, રાજકોટ, જામનગરના સર્વે સભ્યો તથા પદાધિકારીઓ, શ્રી કચ્છી દશા ઓશવાલ પશ્ચિમ એકમના પદાધિકારીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો, આપણી જ્ઞાતિના અન્ય મહાજનોના પદાધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને ઉપરોક્ત શહેરોની મુખ્ય સંસ્થાના પદાધિકારીઓ કે ટ્રસ્ટીશ્રીઓ સાથે શ્રી સમસ્ત મહાજનના અધિકારીઓ એવમ ટ્રસ્ટીઓ સાથે જ્ઞાતિ ઉત્કર્ષની સંપૂર્ણ ચર્ચા-વિચારણ કરવા આપણા ગુજરાતના સર્વે મહાજનશ્રીઓની એક જનરલ સભા તા.૨૪-૦૬-૨૦૧૮ વડોદરા ખાતે યોજવામાં આવી છે. ઉપરોક્ત સૌ મહાનુભાવોને પધારવા આમંત્રણ છે.

## અચલગચ્છાધિપતિશ્રીનું કોઠારામાં સામૈયું કરાયું

તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. કોઠારા પધારતા શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે ઢોલ-શરણાઈના સૂરો સાથે, ભવ્યાતિભવ્ય સામૈયું કરાયું હતું. કચ્છી સફેદ ટોપી અને જિન શાસનના દૂપટામાં શોભતા શ્રાવકોએ તથા બેડાધારી શ્રાવિકાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ સ્વમુખે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. એ પ્રેરણાદાયી પ્રવચનો સાથે જિનવાણી શ્રવણ કરાવી હતી. કુ.તોરલબેને સ્વાગત ગીત તથા વક્તવ્ય રજુ કર્યું હતું. સામૈયામાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

સવારની નવકારશી શ્રીમતી ખમાબેન ઉત્તમચંદ ખોના પરિવાર તરફથી જ્યારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા દિનેશ મોતા, કાંતિલાલ લાલકા, ખુશાલ ખોના તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## તેરા તીર્થ પૂ.આચાર્યશ્રીના પાવન પગલા

પૂ.શ્રી ના પ્રવેશે શોભામાં વિશેષ અભિવૃધ્ધી કરવા. નેત્રા/અંજાર, આદીપુર, ગાંધીધામ, સાંદેરા, રાપરગઢ, નલીયા, વડોદરા, ખીડકીયા, મુંબઈ વિ. સ્થળેથી મોટી સંખ્યામાં ભાવિકજનો પધાર્યા હતા.

પૂજ્યશ્રીઓ-પ.પૂ.આ.ભ. વીરભદ્રસાગરજી તથા મુનિશ્રી પ્રિયંકર સાગરજી મ.સા. તેરા તીર્થની ત્રણે સંસ્થાઓ મુલાકાત લીધેલ હતી. મહાજનવાડી નૂતનીકરણ સંકુલ તેમજ પાંજરાપોળની સુચારૂ વ્યવસ્થા જોઈ તેઓશ્રી તેરા તીર્થની ત્રણે સંસ્થાઓની સરાહના કરેલ હતી. આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રમેશભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દંડ, શ્રી કુમારભાઈ દંડ, શ્રી નિરંજનભાઈ લોડાયા દિવસભર ખડેપગે હાજર રહીને શ્રીના દિવસભરના રોકાણને ઐતિહાસિક અને અવિસ્મરણીય બનાવેલ હતું. પૂ.શ્રી બીજા દિવસે વહેલી સવારે તેરા તીર્થ શ્રી સાંધવથી કોઠારા તીર્થ તરફ વિહાર કરેલ હતો.

## ચતુર્થ સમ્મેલન સંદર્ભે વિવિધ સ્થળે 'રોડ શો'નું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનના તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરના નલિયા મુકામે યોજનારા ચતુર્થ સમ્મેલનની પૂર્વ તૈયારી રૂપે જ્ઞાતિજનોમાં જાગૃતિ ફેલાવવા વિવિધ સ્થળોએ 'રોડ શો'નુ આયોજન કરવામાં આવ્યું છે જેની વિગત નીચે પ્રમાણે છે.

| સ્થળ | તારીખ | સમય |
|---|---|---|
| વડોદરા | ૨૪-૬-૧૮ | સાંજના ૪ થી ૬ |
| નાસિક | ૯-૭-૧૮ | સાંજના ૧૧ થી ૧ |
| પૂના | ૯-૭-૧૮ | સાંજના ૭ થી ૯ |
| ઔરંગાબાદ | ૧૦-૭-૧૮ | સાંજના ૧૧ થી ૧ |
| નાંદેડમાં | ૧૦-૭-૧૮ | સાંજના ૪ થી ૬ |

## મિસ્ટર ઈન્ડિયાને કચ્છી એવોર્ડ



**કેનેડાના** *મિસ્ટર ઈન્ડિયા* તરીકે જાણીતા **હેમંત શાહને** બિનનિવાસી કચ્છીઓના સંગઠન કોજૈન તરફથી સમાજસેવા માટે ખાસ એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

કેનેડાના વિનિપેગ સિટીમાં સ્થાયી થયેલા હેમંતભાઈ પોતાની કર્મભૂમિ અને જન્મભૂમિ વચ્ચે સતત સેતુ સાધવાની કામગીરી કરતા રહે છે. ખાસ કરીને યુવાનોને કેનેડા-ભારત વચ્ચે રહેલી બિઝનેસની તકો વિશે માહિતગાર કરીને માર્ગદર્શન આપવામાં ચાર દાયકાથી એમની વિશેષ રુચિ રહી છે.

કેનેડા-ભારતનાં ઘણાં સંગઠન તથા જૈન સંસ્થાઓમાં સક્રિય રહેલા હેમંત શાહને અષાઢી બીજના દિવસે, ૧૪ જુલાઈએ સાન ફ્રાન્સિસ્કોમાં કોજૈન સંમેલનમાં આ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવશે.

## સાંધવ નગરે પ્રતિષ્ઠા મહોત્સવ

તા.૧૧-૫-૨૦૧૮ સવારના ૫ કલાકે દ્વારોદ્ઘાટન કરનાર દાતા પરિવાર માતુશ્રી માંકબાઈ ખીમજી નાગડા (ગામ તેરા હાલે ડોંબિવલી) અને એક સદગૃહસ્થ પરિવારના ઘરે ગયેલ. ત્યાંથી વાજતે ગાજતે પ.પૂ.સાધુસાધ્વીશ્રીજી ભગવંતોની નિશ્રામાં દાતા પરિવારના સંગાથે દ્વાર ઉદ્ઘાટન કરવામાં આવેલ. રૂ.૧૦ની પ્રભાવના દાતા પરિવાર તરફથી કરવામાં આવેલ. સવારના ૮ કલાકે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. એમના લાભાર્થી પરિવાર શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ ટ્રસ્ટીગણ, પ્રતિષ્ઠા મહોત્સવના કન્વિનર તથા કારોબારી સમિતિના સર્વે સભ્યો તરફથી.

શામજીભાઈ દંડ પોતાની ગાડી દ્વારા ગુરૂ ગૌતમસ્વામી અને પાર્શ્વ પદમાવતી માતાજીની પ્રતિમા મુંબઈમાં સર્વ ગચ્છના પ.પૂ.સાધુ-સાધ્વીશ્રી ભગવંતો તેમજ રસ્તામાં આવતા અનેક તીર્થો નંદીધામ, લોઢાધામ, નાગેશ્વરધામ, મહાવીરધામ, વડોદરા હાઈવે, સુરત, શંખેશ્વર તીર્થ, કળીકલ પાર્શ્વનાથ, અયોધ્યાપૂરમ, તગડી, મહર્ષી વિહાર, પાલીતાણા તીર્થ, તળેટી, ગિરનાર મહાતીર્થ, રાજકોટ, દેઢીયાનું બઉત્તેર જીનાલય, અંજનશલાકા માટે ગઢશીશા, સર્વે તીર્થના દર્શન કરાવેલ. પાંચસોથી વધારે પ.પૂ.આ.ભ., શ્રી સાધુ-સાધ્વીશ્રીઓના વરદ હસ્તે વાસક્ષેપથી પૂજીત કરવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ

આપણી જ્ઞાતિજનોના સૌથી મુંઝવતા પ્રશ્નના નિરાકરણ માટે કચ્છ એકમના પ્રથમ પ્રયાસ રૂપે યુવક/યુવતીઓના સગપણ સંમેલનનું આયોજન ૩૦-૦૯-૨૦૧૮ને રવિવારના ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા, વિધુર પણ સામેલ થઈ શકશે)ને આમંત્રિત કરીએ છીએ. માહિતી માટે સંપર્ક - ઈમેલ : kutchekkam@gmail.com મહેશ લાલકા - ૯૮૨૫૨૮૭૫૫૫, લહેરચંદ ખોના - ૯૮૨૫૧૩૮૧૦૩, મિતેશ ધરમશી - ૯૮૨૫૨૨૬૫૫૭.

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા

શ્રી કચ્છી દશા ઓશવાલ વિમલ મહિલા મંડળના સભ્ય બહેનો દ્વારા અખાત્રીજ તા.૧૮-૪-૨૦૧૮ના સવારે ૯ કલાકે વાજતે ગાજતે સ્નાત્રપુજા ભણાવવામાં આવી હતી અને બપોરના ૩.00 કલાકે શ્રી આદિનાથ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. તા.૫-૫-૨૦૧૮ના રોજ ચિ.પાર્થ નીલમભાઈ લાલકાના લગ્ન નિમિત્તે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. તેમાં સંઘમાતા નિર્મળાબેન કુંવરજી લાલકા તરફથી મંડળની બહેનોને સાડી ભેટ આપવામાં હતી.

## મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિએ અનંતનાથજી ટ્રસ્ટને ૩૫ કરોડના ખર્ચ અંગે નવેસરથી અરજી કરવા જણાવ્યું

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ, 'અનંત છાયા' (ઘાટકોપર)ના વેચાણ દ્વારા મળેલ રકમમાંથી 'અનંત સિદ્ધિ' (ભાંડુપ)ના પુનર્વિકાસ માટે રૂ.૧૫ કરોડ અને જરૂરતમંદ જ્ઞાતિજનોના લાભાર્થે આવાસ યોજના માટે રૂ.૨૦ કરોડનો ખર્ચ કરવા બાબતે મંજુરી આપવા કરેલ અરજી સંદર્ભે વિચારણા કરવા ૨૬મે ૨૦૧૮ના વ્યવસ્થાપક સમિતિની સભા મળી હતી જેના અંતે ઉપરોક્ત અરજીમાં ઉક્ત બંને બાબતો વિષયે ટ્રસ્ટીઓએ પ્રસ્તાવિત યોજનાઓ અંગે કોઈપણ વિગતો મોકલી ન હોવયાથી, સંપૂર્ણ માહિતી સાથે નવેસરથી અરજી કરવા સૂચવ્યું હતું.

## શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ ખાતે શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.ની. ૫૦મી દીક્ષા દિનની ઉજવણી

આયોજીત 'ખેલેંગે તો જીતેંગે'ના નારીશક્તિના સૌ. ગીતાબેન લોડાયા. સૌ.રશ્મી મૈશેરી, સૌ તન્વી મોતા વગેરે સંખ્યાબંધ કાર્યકર્તા મહેનત કરતાં પાંચ વરસ ના ટેણીયાથી માંડી ૭૦ વરસ સુધીના રમત વીરો સવારના ૯ થી રાતના ૧૦.૩૦ સુધી સંગીતના સૂરે અને ડી.જે.ના તાલે ૨૦૦ થી વધુ જણે ભાગ લઈ અનંતસિધ્ધિના પ્રાંગણને ગજવી મૂક્યો. જય મહેશ ઘરમશી, ક્રિષા કમલેશ મૈશેરી, ગીતા લોડાયા, ભાવીકા લોડાયા વગેરેએ અથાક મહેનત કરી સૌને પસીને રેબઝેબ રાખ્યા. સંખ્યાબંધ ગેમ્સમાં બાળકોનો ઉત્સાહ કિકિયારીએ છતો થતો. મેનેજમેન્ટમાં મનોજ લોડાયા, નિરવ મોતા વગેરેનો ફાળો અગ્ર હતો. સૌજન્યદાતા મા.વિજયાબેન કુંવરજી લોડાયા, શ્રી અશ્વીન ધનજી મૈશેરી જખૌ, મા.પુષ્પાબેન દામજી આણંદજી લોડાયા હતા.

પ્રમુખ શ્રી કલ્પેશ મોતા પધારતાં સૌજન્ય દાતા સાથે તેઓશ્રીનું પણ શાલ ઓઢાળી ગૌરવ કરાયું. અંતે ૧૬૦થી પણ વધુ મેડલો દ્વારા હરીફોની ૩૨ની છાતીને ૩૬ની કરવામાં આવી હાઉઝી અને મ્યુઝીકલ ચેરમાં લગભગ સૌ જોડાઈ આનંદ માણ્યો. ભાંડુપ ખાતે શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.ની ૫૦મી દીક્ષા દિનની ઉજવણી પ.પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા.ની ચૈતન્યશીલ હાજરી વચ્ચે શ્રી સંઘે અનંતમિત્રના આદ્યએ સામુદાયીક સ્નાત્ર ભાવે ભણાવી ફાલ્ગુની ખોના અને વિનય લોડાયાએ સ્નાત્ર સાથે રસ સભર ગીતો ગાઈ માહોલને મદહોસ બનાવ્યો.

સૌ ચંદા મૈશેરીએ 'જેંજી નયારીઆંતી વાટ' ગીતે પૌરસ ચડાવ્યો. સા. ભગવંતના અનેકાનેક આવકારદાયક ગુણોની ગુણમાલા ગુંથી, અનુમોદનાની આરતી ઉતારી લહેરચંદભાઈ મૈશેરીએ એ શાંત, સરળ અને ગુર્વાજ્ઞા ધારક આત્માની અનુમોદના કરી. ગુરૂ ભક્તોએ રૂા.૮૦ની પ્રભાવના કરી ગુરૂદેવના હાથનો વાસક્ષેપ ગ્રહણ કરી સૌ છુટા પડ્યા. રાતે અનંત મિત્ર મંડળ મહાકાલી મા ની ભાવના ભાવતાં યોગેશ પટેલે મહારાજ સાહેબના નિરામય જીવતરની પ્રાર્થના કરી શતાયુ જીવનની વિનંતી કરી.

## સુથરી તીર્થે અચલગચ્છાધિપતિ પધાર્યા

તપચક્રવતિ અચલગચ્છાધિપતિ પૂ. આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા આચાર્ય શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણાઓ તથા શ્રમણીવૃંદો આદી ઠાણાઓ શ્રી સુથરી મહાતીર્થ ૨૦-૫-૨૦૧૮ના રોજ પધાર્યા હતા. તેમનું ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. સામૈયામાં મુંબઈથી, ભુજ, ગાંધીધામ, કોઠારા, નલીયા, જખૌ, સાંયરા, સાંધાણ વગેરે ગામો માંથી વિશાળ સંખ્યામાં ગુરૂભક્તો પધાર્યા હતા. પૂ. મ.સા.ના પ્રવેશ બાદ નવકારશી, શ્રી ગૌતમસ્વામીનું પૂજન, બપોરે સ્વામીવાત્સલ્ય જમણ તથા સાંજે પ્રભુજીની આંગી વિવિધ દાતાઓ તરફથી કરવામાં આવેલ. ગૌતમ સ્વામીનું પૂજન વિધિકાર કેવલ સાવલા સંગીતકાર, નીશાબેન સંઘવી પધાર્યા હતા. સંઘપૂજન ૧૫૦/- રૂપીયાનું કરવામાં આવેલ. પૂજન દરમિયાન બે લકકી ડ્રો હીરાચંદ છેડા તરફથી તથા લાડુની પ્રભાવના માતુશ્રી તેજબાઈ વીશનજી છેડા તરફથી કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા. ટ્રસ્ટીશ્રીઓ, તથા જીજ્ઞેશ છેડા અને કાંન્તાબેન અજાણીએ મહેનત કરી હતી.

## જખૌ મુકામે આચાર્ય ભગવંતના પગલા

તા.૧૫-૫-૨૦૧૮ના પ.પૂ.આચાર્ય તપસ્વી રત્ન ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., પ.પૂ.જ્યોતિષાચાર્ય વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. સાથે ઠાણા ૭ પધારેલ. ૧૦૦ જેટલા ગામવાસીઓ, વેપારીવર્ગ દરેકે સામૈયામાં હાજરી આપેલ.

સામૈયા બાદ પુ.આ. વિરભદ્ર મ.સા.એ માંગલિક પ્રવચન આપેલ. વિવિધ દાતાઓ તરફથી સંઘપૂજન થયેલ. સંપૂર્ણ દિવસના ભોજનના દાતાશ્રી માતુશ્રી ધનબાઈ હેમરાજ કુંવરજી શિયાળ વતી એમના પરિવારે પૂ.આ.ભ.ગુણોદય મ.સા.ને કામળી પહેરાવીને લાભ લીધો. તેમજ પૂ.આ.ભ.વિરભદ્ર મ.સા.ને સ્થાનિક જખૌ વાસીઓએ કામળી વહોરાવી. મુંબઈથી ટ્રસ્ટવતી રાયચંદ દેવશી જીવાણી તથા મહાજનશ્રી વિપુલભાઈ પધારેલ હતા.

## મૈશેરી પરિવારના કુળદેવી ચામુંડા માઁ ની ૧૦મી પહેડી

તા.૨૦-૫-૨૦૧૮ના મુલુંડ મુકામે જીવરાજ ભાણજી હોલમાં ૪૦૦ શ્રદ્ધા ભક્તોની ભાવશીલ હાજરી વચ્ચે સંપન્ન થઈ. ગાયીકા પ્રિતિ શાહ અને અરવિંદ વેદાંતે સંગીતની રમઝટે ચોટીલાના દરબારે પહોંચાડી દીધા. મુકેશ દામજીએ સંચાલન કરતાં ઉચ્ચિત અહેવાલ આપી લાભાર્થી પરિવાર વતી આવકારો આપ્યો હતો.

લાભાર્થી પરિવાર માતુશ્રી મીઠીબાઈ ખીમજી મૈશેરી તથા માતુશ્રી તિલકબેન માણેકજી હતા. તેઓશ્રીનું તિલક હાર અને શાલથી ગૌરવ કરવામાં આવ્યું. 'ગુરૂજી અમારા અંતરનાદ અમને આપો આશિર્વાદ' સ્લોગન રચી કવિરાજ શ્રી લહેરચંદભાઈ મૈશેરી એ મૈશેરી પરિવારનો મોભો વધાર્યો હોઈ તેઓશ્રીનું પણ બીરદાવલી કરી તિલક અને હારથી બહુમાન કરવામાં આવ્યું. સ્વ.મહેશ રાઘવજીને શ્રદ્ધાંજલી અપાઈ. લાભાર્થી પરિવારે સૌને ચામુંડાના તિલકે વધાવી પ્રભાવના આપી, સંઘપૂજન કર્યું. ભોઈમા મીનાબેન મનીષ અને હંસાબાઈ ખુશાલભાઈએ સૌને પ્રેમળ આશીર્વાદ આપ્યા.

શ્રી પારસ લહેરચંદ, નરેશ મૈશેરી અને કમિટી મેમ્બરો સૌએ સ્ટેજ શણગાર અને વ્યવસ્થા જાળવી. શ્રી ખુશાલ વેલજીએ કમિટીને રૂા.દોઢ લાખનું દાન કરી સ્તાનકે પહેડી થાય તો પહેડીના લાભાર્થી થવાનો લાભ લીધો. અગીયારથી ચૌદ પહેડીના નામ જાહેર થયા. જીજ્ઞાબેન (મલાડ), નવ-નવ કલાત્મક આરતી શણગાર કર્યો.

પુનીત કેટરર્સે ભાવતા ભોજન પીરસ્યા.

## શ્રી ક.દ.ઓ સંદેશ : શ્રી મહાકાળી માતાજીની ભાવના

શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા આયોજીત શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની ભાવના તા.૨૪-૬-૨૦૧૮ના રાતના ૯ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલય, ઝવેર રોડ મધ્યે રાખવામાં આવેલ છે. જેનો સંપૂર્ણ લાભ એમજે ગ્રુપ પરિવારે લીધેલ છે. ભાવનામાં રીધ્ધી-સીધ્ધી મંડળ પધારશે. આવતા માસની ભાવના તા.૨૨-૭-૧૮ના છે. જેનો લાભ શ્રી કુંવરજી વીરજી શાહ પરિવાર-ભરૂડીયાવાળાની છે.

## શ્રી અભિનંદન મહિલા મંડળ

મૂળ કચ્છ સાંયરા હાલ કલવા, સરલાબેન લોડાયાની આગેવાની હેઠળ મહિલા મંડળે સ્વ. શ્રી મણીલાલ કેશવજી પોતાની છ માસિક તિથીઓ તેમના નિવાસ સ્થાન ડોંબિવલી મધ્યે સદગતના પરિવાર સંબંધીઓની હાજરીમાં નવકાર મંત્ર જાપ સહિત ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, વાસક્ષેપ, નૈવેદ્ય ફળ સહિત પરિપૂર્ણ કરી આરતી મંગળ દીવો અને શાંતિ કળશ પણ આદર્યો વાતાવરણ ધર્મમય બન્યું. આમંત્રિતોને રક્ષા પોટલી આપવામાં આવી.

## સાંધવ(કચ્છ)માં નૂતન અતિથિગૃહમાં સુવિધા

સાંધવ (કચ્છ)માં નૂતન અતિથિગૃહમાં સુવિધા તેમજ ભોજનશાળા માટે પૂર્વ સૂચના આપવા પંકજ ડાઘા - ૭૯૮૪૩૨૬૫૬૬ અને શાંતિલાલ લોડાયા - ૮૯૮૦૨૪૬૬૧૫ નો સંપર્ક કરવો.

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહ ઉદ્યોગ ગેટ-ટુગેધર

ઉપરોક્ત સંસ્થાનું મુલુંડ કાલીદાસમાં તથાસ્તુ હોલમાં ગેટ-ટુગેધરનું કાર્યક્રમ ગૃહઉદ્યોગના પદાધિકારીઓ શ્રી લહેરીનભાઈ ખોના, અજીતભાઈ લોડાયા, હિતેશ નાગડા, મુકુન્દ મોમાયા, દક્ષાબેન, મનીષાબેન અને જીજ્ઞાબેન છેડાની પ્રોત્સાહજનક હાજરી વચ્ચે દક્ષાબેન, ભાવનાબેન અન જીજ્ઞાબેનને મહાજનીશ્રીના સોનેરી તિલક વહાલ ભર્યા વધામણાં કરી આવકાર્યો દિપ્તીબેન શાહ, મધુર કંઠે મંત્રાધિરાજ નવકાર મંત્રનું પઠન કરી સૌ બેનોને મનોરંજન ગેમ્સ રમાડ્યા. મન ભાવન સુરીલા ગીતોએ તાજગી પૂરી. ગજીઓ ગરમા ગરમ ભજીઓ લાવ્યો બોલીવુડ ડાન્સ માં સૌ ડોલ્યા. ગૃહ ઉદ્યોગે સૌને ટ્રોલી બેગ, ગરમ પાણીની ઈલે. થેલી અને ટોર્ચની ગીફ્ટ આપી રાજીના રેડ કરી દીધા. ગૃહ ઉદ્યોગની આ રંગતની રેયાણ સૌને ગમી. મન ભાવન ભોજન જમી સૌ છૂટા પડ્યા. આ કાર્યે સૌનો ફાળો ફળદાયી રહ્યો. મહાજનશ્રીના આ યોજને ગૃહઉદ્યોગની બહેનોને અહોભાવ થયો. વોકર સ્ટીક વડાલા અચલગચ્છ જૈન સંઘ દ્વારા અશોક જવેરી અને લહેરચંદભાઈ નાગડા મારફતે જરૂરતમંદોને સારા ગુણવત્તાવાળી વોકર ફી માં આપવામાં આવી.

## સખીવૃંદ મહિલા મંડળ પુણે

પર્સ, પરફ્યુમ્સ પછી હવે દિવ્યાબેન ચેતન ખોનાએ સૌ સખીઓ ને શીખડાવાનો વિચાર કર્યો. ડિઝાઈનર સોપ્સ ઘરે બનાવવાનો. અને તેના માટે તેમણે આમંત્રિત કર્યા શ્રીમતી હેમાબેનને. જેઓ કલાત્મક સાબુ બનાવવાના ક્લાસેસ પણ લે છે. સાબુ બનાવવાની બે પ્રકારની પ્રોસેસ હોય છે. ઠંડી તથા ગરમ. ઠંડી પ્રોસેસમાં જુદા જુદા પ્રકારના તેલ નાખીને બનાવવામાં આવે છે. અને તેને સેટ થવામાં દોઢ મહિના જેટલો સમય લાગે છે. જ્યારે ગરમ પ્રોસેસમાં અંદાજે ૮ કલાકમાં સાબુ તૈયાર થઈ જાઇ છે.

હેમાબેનએ ગરમ પ્રોસેસથી વિવિધ પ્રકારના સાબુ બનાવતા શિખડાવ્યા, જેમકે, ચારકોલ સાબુ, એલોવેરા સાબુ, મુલતાની મટ્ટી સાબુ, ચોકલેટ સાબુ, કડવા લીંબડાનો સાબુ, બકરીના દૂધનો સાબુ, શિયા બટર સાબુ, મધ તુલસી હળદરનો સાબુ, કાકડીનો સાબુ, બેબી એન્જલ સાબુ, કોકમ બટર સાબુ, જ્ભાબિ સાબુ. આમ વિવિધ પ્રકારના સાબુ હેમાબેનએ અલગ અલગ પ્રકારના મોલ્ડ્સમાં નાખીને બતાવ્યા.

## સાંયરા સમાચાર

૧૩-૫-૨૦૧૮ના સરળ સ્વભાવી પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે સામૈયા થી પ્રવેશ કરેલ. ૧૪-૫-૨૦૧૮ના પ.પૂ. સાહિત્ય દિવાકર પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ ભગવંતો પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ સાયંરા સંઘ તરફથી પ્રભાવના થયેલ. ૧૮-૫-૨૦૧૮ના માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયાએ નૂતન બંગલો બનાવેલ. જેમાં વાસ્તુ પૂજા ભણાવવામાં આવેલ જેમાં તારાબેન, શોભનાબેન, મનીષાબેન, ઉત્તમભાઈ, રતીલાલભાઈ, તબલચી મણીલાલભાઈ તથા પૂ.સા. શ્રી અનંતયશાશ્રીજી તથા પૂ. સા. શ્રી અપૂર્વયશાશ્રીજી મ.સા. સારી રમઝટ બજાવેલ. ૧૯-૫-૨૦૧૮ના પૂ. તપચક્રવતિ અચલ-ગચ્છાધિપતિ પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરજી મ.સા. તથા જ્યોતિષ વિશારદ પૂ. આ.ભ. શ્રી વિરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ મુનીજનો તથા સાધ્વીશ્રીઓ ભગવંત પધારતા સાંયરા સંઘ વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ ત્યારે સાંયરા સંઘ તરફથી કામળી વહોરવવામાં આવેલ જેમાં તરૂણભાઈ, શાંતીલાલભાઈ,ભદ્રેશભાઈ, પદમશીભાઇ, વાલજીભાઈ, રતીલાલભાઈ, ઉત્તમભાઈ લાભ લીધેલ. માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયા નૂતન બંગલો બનાવેલ જ્યા ભગવંતોના પગલા થયા તથા ગુરૂપૂજન થયેલ.

સાંયરા સંઘ તરફથી ૧૫૦/- રૂપીયાનું સંઘ પૂજન થયેલ. માતુશ્રી દમયંતીબાઈ રતનશી કુંવરજી લોડાયા તરફથી આખા દિવસનું સાધર્મિક ભક્તિ રાખેલ. આ પ્રસંગે પૂ. સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિઠાણા ૩ પૂ. સા. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પૂ. સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. ઠાણા ૪ તથા પૂ. સા.શ્રી નંદીશ્રેણાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ તથા પૂ. સા.શ્રી આનંદ કિરણાશ્રીજી મ.સા.ની હાજરી હતી. આ પ્રસંગે ગાંધીધામ, ભુજ, કોઠારા, સુથરી, સાંધાણ, સાંધવ, મઠડા, વારાપધર, જખૌ થી ૧૭૫ ભાવિકો પધારેલ. ૨૫-૨૦૧૮ના માતુશ્રી ગંગાબાઈ લીલાધર મોમાયા હસ્તે શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ મોમાયા તરફથી છાશ કેન્દ્ર શુરૂ થયેલ છે. ૪૫ પરિવારે છાશનું લાભ લીધેલ. સંચાલન ઓમ ગુંસાઇ તથા શામજીભાઈ રાઠોડ સેવા આપે છે. ૨૮-૫-૨૦૧૮ના શ્રીમતી રમીલાબેન હીરાચંદ વિશનજી પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ, કસ્તુરીબાઇ, મહેન્દ્રભાઈ તથા તબલચી મણીલાલભાઈ સારી રમઝટ બજાવેલ. ૨૯-૫-૨૦૧૮ના શ્રીમતી રમીલાબેન હીરાચંદ વિશનજી પટેલ તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ.

## સાત દિવસીય જીવન શણગાર શિબિર

આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાવન સાનિધ્યે અંબરનાથના ઉપક્રમે પૂ. દેવરત્નસાગર મ.સા.ની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સાતદિવસીય જીવન શણગાર ૧૧૭ બાળકોની શિબિરનું સુંદર આયોજન થયેલું. જેમાં આચાર્ય ભગવંત તથા પૂ. દેવરક્ષિત મ.સા. અને મેઘરક્ષિત મ.સા. નિયમ બધ્ધ આયોજન કરેલું. શિબિરમાં બાળકો સવારે વહેલા ઉઠી દર્શન, યોગા/ધ્યાન/કસરત, શાસન વંદના, જ્ઞાનવાણી શ્રવણ, સ્નાત્ર-પૂજાભક્તિ, સંધ્યાભક્તિ, આરતી, સ્પર્ધા-ગેમ-ઇનામો નિત્યક્રમ બની ગયેલા, તથા સાથે આંગી સ્પર્ધા, ચૈત્ય પરીપાટી, જાદુ શો, ભાવતા ભોજનીયા, શાહપૂર જાત્રા કરેલી. અનેક બાળકોએ કંદમૂળ ત્યાગ, ૩૬૫ દિવસ જિનાલયે પ્રભુ દર્શન, માતા-પિતાના પાયવંદન, મહિને એકવાર ધોતી-ખેસ પહેરવી, સામાયિક વગેરે નિયમો પણ લીધા. આપણા ઘણા બાળકો આ શિબિરમાં ગયેલા.

## કચ્છમાં ફરી પાછી ચકલીઓ વિશાળ સંખ્યામાં દેખાઈ

માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા શ્રી પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ જીવદયાનું કાર્ય ચાલી રહ્યું છે. કાળઝાળ ગરમી અને બળબળતા તાપમાં પક્ષીઓને પીવાનું પાણી મળી રહે, ચકલીઓને રહેવા ઘર મળે તેવા હેતુ સાથે કચ્છનાં મોટા ભાગનાં દરેક ગામો અને શહેરોમાં માનવજ્યોતના માટીનાં કુંડા અને માટીનાં ચકલીઘરો ઠેર-ઠેર લટકી રહેલા જોવા મળે છે. તરસ્યા પક્ષીઓ કુંડા ઉપર બેસી, પાણી પી ને પોતાની પ્યાસ બુઝાવે છે.

અનેકવખત પાણી ન મળવાથી તરસ્યા પક્ષીઓ તરફડી ને મૃત્યુ ને ભેટે છે. આવા સંજોગોમાં માટીનાં કુંડામાં મૂકાયેલું પાણી પક્ષીઓને બચાવતા રાહતરૂપ સાબિત થાય છે. માટીનું રૂપકડું ચકલીઘર હવે ચકલીઓ માટે સાચા અર્થમાં ઘર બની ચૂક્યું છે. જેમાં ઇંડા મૂકી ચકલીઓ બચ્ચાઓનો ઉછેર કરે છે. જીવદયા પ્રેમીઓ હવે કુંડુ અને ચકલીઘર ઘરમાં વસાવીને જીવદયાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. જીવદયાની આ પ્રવૃત્તિ મોરબી-અમદાવાદ-રાજકોટ-ભાવનગર-જુનાગઢ જેવા શહેરમાં પહોંચી ગઇ છે. ભુજ અને કચ્છનાં દરેક ગામો અને શહેરોમાં આ પ્રવૃત્તિ પહોંચી ચૂકી છે. ચાલુ વર્ષે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ૩૦ હજાર કુંડા તથા ૨૦ હજાર ચકલીઘરોનું વિતરણ કરવામાં આવ્યું છે.

## શ્રી ક.દ.ઓ. મહાજન કોચીન

મહાજનના ઉપક્રમે ૫ મે ના એક માહિતી સભર કાર્યક્રમ શ્રી કિશોરભાઈ કુરૂવાના પ્રમુખ પદે યોજવામાં આવ્યો. શ્રી કમલેશભાઈ શીવજી વિકમશી ‘Current state of economy in the right of path breaking reforms’ આ વિષયે સેમીનાર માટે મુંબઈથી પધાર્યા હતા. શ્રી કોચીન ગુજરાતી સમાજના યુવાનોને પણ આ માટે ખાસ આમંત્રીત કર્યા હતા. જેથી તેમની કારકીર્દી માટે ઉપયોગી થાય. ૧૬૦ જણાઓએ ભાગ લીધો હતો. ડિમોનેટાઇઝેશન, જી.એસ. ટી., આધાર વિગેરેની વિવિધ માહિતી આપી હતી. પ્રશ્નોતરીનો કાર્યક્રમ બહુ રસપ્રદ રહ્યો હતો. અત્રેના બે યુવાનો અંકીત આર મોમાયા ને દિવેશ શાહ સી.એ. થયા છે. તેમનું શ્રી ક.દ.ઓ. મહાજન વતી શ્રી કમલેશભાઈએ સન્માન કર્યું હતું. શ્રી કમલેશભાઈને સ્મૃતી ભેટ શ્રી કિશોરભાઈએ આપી હતી.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીજી મ.સા.ની પ્રેરણાથી આપણા ટ્રસ્ટની સ્થાપના કરેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના સમાજસેવાના કાર્યોમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરેલ છે. કાયમી તીથી : ૧) પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. દિક્ષા નિમિત્તે હસ્તે લતાબેન લહેરચંદ વિકમશી, ૨) અજય હિતેશ મોતા વાલકેશ્વર હસ્તે નીશા હિતેશ મોતા, ૩) શીવજી વેલજી લોડાયા, વડોદરા હસ્તે ખમ્માબેન, ૪) પ્રતાપ કલ્યાણજી ધરમશી, મુલુંડ હસ્તે મધુરીબેન, ૫) સોમચંદ સોજપાલ નાગડા, મુલુંડ, ૬) યશોધન જીવરાજ લોડાયા, મદ્રાસ હસ્તે મીરા જયેશ નાગડા, ૭) રતનબાઈ કાનજી ધુલ્લા, વડોદરા. એક દિવસ નકરો : ૧) તેજ કૃણાલ અનિલ મોતા હસ્તે અનિલભાઈ મોતા, અંધેરી, ૨) ગુલાબચંદ દેવશી દંડ હસ્તે સુનીતાબેન હુબલી, ૩) પ્રવીણ ખીમજી ફુરીયા, ૪) નિર્મલાબેન નેમીચંદ નાગડા, ૫) નેમીચંદ પદમશી નાગડા, હસ્તે વિજયભાઈ, દહીસર

## મોટી સિંધોડી મહિલાઓની પ્રશંસનીય પહેલ

મોટી સિંધોડી મહાજનની ટીમમાં પ્રમુખ પદે શ્રીમતી હર્ષાબેન ઉદયન લોડાયાની વરણી કરવામાં આવી છે. તેમજ કારોબારીમાં સતત કાર્યશીલ પીઢ મહિલા શ્રીમતી જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી પુનઃ કાર્યરત થવા સહમત થયા છે. શ્રીમતી વીણાબેન રાજેશ મોતાની વરણી નવા આગંતુકો પૈકી એક છે.

## ‘‘જૈન ધર્મના મૂળભૂત સિધ્ધાંતો’’ના પુસ્તકનું પ્રકાશન

તેલંગણાના નિઝામાબાદ શહેરના સુશ્રાવિકા શ્રીમતિ વીણાબેન ઉત્તમચંદ મોતા (વારાપધર)ના સૌજન્યથી પૂ. સાધ્વી શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. દ્વારા સંકલિત જૈન ધર્મના મૂળભૂત સિધ્ધાંતોને હિન્દી ભાષામાં આવરી ૮૦ પૃષ્ઠોમાં ગાગરમાં સાગર સમાવ્યો છે. શ્રી પ્રજ્ઞેશ વીરચંદ કાનજી હુબલીવાળા આ પુસ્તકના દાતા છે. ઘર ઘરમાં વસાવી અમલમાં મૂકવા જેવું હિતકારી પુસ્તક છે.



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

- ગાંધીધામના ૧૩૦થી વધુ અનાથ બાળકો વોટરપાર્કની સહેલ માણી
- કચ્છી વાદ્ય મોરચંગનાં સૂર સાધકનું વિલય
- કચ્છી ભજનિકનું મોગલ શક્તિ એવોર્ડ દ્વારા સન્માન કરાયું
- ભુજ બ્રહ્મક્ષત્રિય મંડળે બે દિવસનો બાળ સમર કેમ્પ યોજયો
- માંડવીમાં ભાનુશાલી સમાજના અગ્રણીના નિધનથી શોક
- સાંધવ ગામે ગચ્છધિપતિનું ઉમંગભેર સામૈયું કરાયું
- વર્ધમાન નગર ભુજોડીમાં ૪૫ માળના ચબૂતરાનું થયું લોકાપર્ણ
- સણોસરામાં દાતાના સહયોગથી નિઃશુલ્ક હાડકાં કેમ્પ સંપન્ન
- કચ્છી રાજગોર સમાજના ૩૭મા સમુહલગ્ન સંપન્ન
- કચ્છની વિદ્યાર્થીની જાપાન પ્રવાસ માટે પસંદગી પામી
- ગાંધીધામની ડાન્સ અકાદમીના કલાકારોએ રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યા
- ગાંધીધામનો યુવાન નિશાનબાજ જર્મનીમાં જુનિયર શૂટર વર્લ્ડકપમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે
- ઘાટકોપરમાં અંજાર સચ્ચિદાનંદ મંદિર કમહંતનો જન્મોત્સવ તથા વાર્ષિક રસિક મિલન કાર્યક્રમ યોજાયો
- શ્રીમાળી સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ
- લોક સુવિધાની સદ્ધર ગામ, પદ્ધર (તા.ભુજ)
- મોટી વિરાણીના સેવાભાવી અગ્રણીના અવસાનથી શોક
- ગઢશીશાની પુંજાણી હાઈસ્કૂલનો સુવર્ણ જયંતિ મહોત્સવ અને ભૂતપૂર્વ છાત્રોનું સંમેલન યોજાયા
- ગાંધીધામ ઈન્ડિયન એસોસિયેશના શપથ  વિધિ સમારોહમાં ૧૫ તબીબોનું સન્માન કરાયું
- ભુજના જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો અપાયા
- માધાપરનો યુવાન ફ્રાંસમાં સાઈકલ સ્પર્ધામાં ભાગ લેશે
- અખિલ રાજગોર મહિલા મંડળ ભુજ દ્વારા લગ્નગીત સ્પર્ધા યોજાઈ
- ભાનુશાલી કુમાર છાત્રાલય  ભુજની મુલાકાતે મુંબઈ સમાજના મોવડીઓ
- હૈદ્રાબાદના ક્રિકેટ સ્ટેડિયમમાં કચ્છી ક્રિકેટરની સ્મૃતિમાં 'જયંતિલાલ કેનિયા સ્ટેન્ડ' નામકરણ થયું
- પાલરા જેલ ભજિયા હાઉસમાં કેદીઓના હાથે તૈયાર થતા ભજિયા, રોટલા અને શાકના સ્વાદનો સૌને લાગ્યો ચટકો
- પંડિત શ્યામજી કૃષ્ણ વર્માના જન્મ સ્થળનું ભાનુ કાંતિ સેના મુંબઈના સહયોગથી સમારકામ કરાયું
- સુશોભન માટે ગાંધીધામ રેલ્વે સ્ટેશનને ઝોનલ કક્ષાનો એવોર્ડ પ્રાપ્ત
- રાષ્ટ્રીય કક્ષાની નૃત્ય હરિફાઈમાં ગાંધીધામના નૃત્ય અકાદમીની તમામ કૃતિઓને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા
- વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં માસ્ટર કચ્છી કન્યા ઊર્મિબેન જાની
- અખિલ ભારતીય ગુજરાતી સમાજના પ્રમુખ પદે સતત ત્રીજી વખત કચ્છી અગ્રણીની વરણી
- ભારતની વિશ્વકપ વિજેતા દિવ્યાંગ ટીમમાં કચ્છી ખેલાડીની ભૂમિકા
- અમદાવાદ ખાતે હોસ્પિટલના નિર્માણમાં ૨૦ કરોડના દાન સાથે કચ્છી દાતાઓનો સિંહફાળો

# શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ દ્વારા ૪૨મું શૈક્ષણિક સમારોહ સંપન્ન








દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ દ્વારા ૪૨મું શૈક્ષણિક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં વિદ્યાર્થીઓને વિજયાબેન માણેકજી લખમશી ધરમશી પરિવાર તરફથી સ્કુલબેગ અને શૈક્ષણિક ઉપકરણો આપવામાં આવ્યા હતા તેમજ માણેકજી ભવાનજી ભેદા તરફથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી. મંડળ તરફથી જે વિદ્યાર્થીઓ ડોંબિવલીની બહાર ભણવા જતા હોય તેમને બસ/રેલ્વેના પાસનો ખર્ચ મંડળ તરફથી આપવામાં આવે છે. જેની વિશેષ જાહેરાત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વયંસેવકોએ હોંશે હોંશે ભાગ લીધો હતો.

# દીકરાને ખોયો છે લોહી વહી જવાને લીધે એટલે તેની વર્ષગાંઠે બ્લડ-ડોનેશમ કેમ્પનું આયોજન : મયૂર અને વિજય લોડાયા



ચાર વર્ષ પહેલા ટ્રેન અકસ્માતમાં પોતાના વહાલસોયા દીકરા ધવલ લોડાયાને ગુમાવ્યા પછી તેના પિતા મયૂરભાઈ અને તેમના ભાઈ વિજય લોડાયા દર વર્ષે તેના જન્મદિવસે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરે છે. મયૂરભાઈ કહે છે. 'મારો દીકરો ગુજરી ગયો કારણકે અકસ્માતમાં તેના શરીરમાંથી ઘણુંબધું લોહી વહી ગયું અને તેને સમયસર સારવાર ન મળી. લોહીની કિંમત મેં મારા હૃદયના ટુકડાને ગુમાવીને સમજી છે. અમે બ્લડ ડોનેશન કેમ્પ યોજીને જમા થયેલું લોહી બ્લડ બેંકોને આપીએ છીએ. જો કે એ ઉપરાંત ક્યારેક કોઈ પેશન્ટ પૈસાના અભાવે બ્લડ બેન્કમાંથી લોહી ન લઈ શકતો હોય તો એક્સચેંજ કાર્ડ દ્વારા તેને નિઃશુલ્ક લોહી મળી જાય એવા પ્રયત્નો કરીએ છીએ. અત્યારે આટલી જાગૃતિ પછી પણ લોકોમાં લોહી આપવાની બાબતમાં બહુ ઉત્સાહ નથી. અમુક સમજદાર વર્ગ જ લોહી આપે છે. અમુક વર્ગ ક્યારેય આ માટે બહાર નથી નીકળતો. આજે જરૂરિયાતની સામે ખૂબ ઓછા પ્રમાણમાં લોહી પ્રાપ્ત થઈ રહ્યું છે જરૂરિયાત તો કોઈને પણ ક્યારેય પડી શકે છે. તો બધા લોકોએ લોહી આપવા આગળ આવવું જોઈએ ને?''

મયૂરભાઈને અડધી રાતે પણ ઘણીવાર બ્લડ માટે ફોન આવતા હોય છે. લોહી તો જીવનનું પરિબળ છે અને તેણી ઊણપને કારણે કોઈ વ્યક્તિ જીવથી હાથ ન ધોઈ બેસે એવું તો ન જ થવું જોઈએ એવો નિર્ધાર આ બન્ને ભાઈઓએ કરી લીધો છે.

## ડોંબિવલી મંડળ દ્વારા મણીલક્ષ્મી તીર્થ અને ખંભાત તીર્થ ચૈત્ય પરિપાટીનું આયોજન

યાત્રા પ્રવાસ શુક્રવાર, તા. ૦૫-૧૦-૧૮ થી સોમવાર, તા. ૦૮-૧૦-૧૮. સમળીવિહાર, કાવી, મણીલક્ષ્મી, ખંભાત તીર્થ સ્થળો... આ યાત્રા માટે ખૂબજ સારો પ્રતિભાવ મળતાં ૧૦૦ યાત્રિકોથી વધારીને ૧૫૦ યાત્રિકો લઇ જવા માટેનો નિર્ણય મંડળની સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો. તે પણ સંખ્યા પૂર્ણ થઇ ગઇ છે. હવે પછી નવા નામો લેવામાં આવશે નહીં. આ યાત્રામાં જે પણ યાત્રિકો નામની નોંધણી થઇ ગયેલ છે. તે દરેક યાત્રિકો પોતાનો વોટસએપ નંબર યાત્રા પ્રવાસ કન્વીનર - શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા) - ૯૮૨૦૧૦૫૦૭૮ ઉપર નોંધાવવા નમ્ર વિનંતી. જેથી આગામી સૂચનાઓ આપને સમયસર મળી રહે.

## નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાની સમૂહપેડી નલીયા ખાતે યોજાશે



તા.૧૩ અને ૧૪ જુલાઈ ૨૦૧૮ના શ્રી નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાની સમૂહ પેડીનું આયોજન કચ્છ-નલીયા ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં તા.૧૩-૭-૨૦૧૮ના સવારે ૯.00 કલાકે નીમાલ, બપોરે ૧૧.30 કલાકે સંપૂર્ણ નલીયાવાસીઓ સાથે સ્વામિ વાત્સલ્ય જમણ, બપોરે ૧૨.3૯ કલાકે શ્રી કેવલભાઈ સાવલાના સથવારે શ્રી સિદ્ધચક્ર અધિષ્ઠાયિકા, શાસન સામાજ્ઞી શ્રી ચક્રેશ્વરી માતાજી સહિત સિદ્ધચક્ર મહાપૂજન શ્રી માણેકજી કાનજી નાગડા પરિવાર(પટેલ) હુબલી-નલીયા તરફથી રાત્રે ૮.30 કલાકે માતાજીની ભાવના-આરતી કરવામાં આવશે.

શનિવાર, તા.૧૪-0૭-૨૦૧૮ (અષાઢી બીજ)ના દિવસે સવારના ૯.00 કલાકે પહેડીમાં પધારવાના હોય તેમણે પોતાના નામ સમિતિના ભાઈઓ પાસે નોંધાવશો જેથી સુચારુ વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક : મહેશ શામજી નાગડા - ૯૪૨૮૬૮૪3૨૭, મહેશ ખીમજી નાગડા - ૯૭૨૬૬૮૬૮૫૧, શ્રેણિક તેજપાલ નાગડા - ૯૪૨૬૭3૧૬૮૪, જુગલ માણેકજી નાગડા - ૯૯૭૮00૨૭૭૨, ચેતન લહેરચંદ નાગડા - ૯૮૨0૧0૫0૭૮

## અનંતનાથના દરબારે થાશે પૂજ્યશ્રીનો પ્રવેશ, સંઘવાસીઓના હૈયામાં થાશે રત્નત્રયીનો સમાવેશ

પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની અસીમ કૃપાથી અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા આશિષે. પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભ આશિષે તથા ત્રણ નૂતન આચાર્ય ભગવંતોના આશીર્વાદે પ.પૂ.સાધ્વી શ્રી અરૂણપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી નંદિવર્ધન ાશ્રીજી મ.સા.પ.પૂ. સાધ્વીશ્રી પ્રશમરસાશ્રીજી મ.સા.પ.પૂ.સાધ્વીશ્રી રાજનંદિનીશ્રીજી મ.સા.પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૪ નું ચાર્તુમાસ આપણા સંઘના આંગણે મહાભાગ્યોદયે પ્રાપ્ત થયું છે. આચાર્ય ભગવંતનો શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, શ્રી અનંતનાથજી મહાજન જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ, શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ સદા ઋણી રહેશે. પૂજ્યશ્રીનું ચાર્તુમાસ પ્રવેશ અષાઢ સુદ ૧૧ તા. ૨૨-0૭-૨0૧૮ રવિવારના, સર્વ સંઘો, મહેમાનોએ પધારવું એમ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9833406124, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**



'જ્ઞાતિમૈયા'ના
પાવન પ્રકાશન પર્વે ખૂબ ખૂબ શુભેચ્છા
નિષ્પક્ષતા, નીડરતા અને
સમર્પણ ભાવથી સમાજનું
પ્રતિબિંબ બની રહો એવી શુભકામના!
ગુર્જરમાત
વોઈસ ઓફ ઘાટકોપર

# શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ - એડવેન્ચર સમર કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન



Dance Competition



Warm Up



Blue Team



Orange Team



White Team



Yellow Team

શનિવાર તા. ૨૬-૫-૨૦૧૮ અને રવિવાર તા. ૨૭-૫-૨૦૧૮ના બે દિવસીય સમર કેમ્પનું આયોજન મોક્ષ મંત્ર કેમ્પ સાઇટ, ખપોલી ખાતે કરવામાં આવ્યું હતું. જેનો જ્ઞાતિના ૯૦ સહભાગીઓએ લાભ લીધો હતો. ભાંડુપથી સવારે ૬.૦૦ કલાકે પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડ દ્વારા શ્રીફળ વધેરી કેમ્પની શુભ શરૂઆત કરવામાં આવી. સહભાગી થનારાઓએ ફ્લાંઇગ ફોકસ, સેક રેસ, ૩-લેગ ફુટબોલ, ૩-ડી પુલ ગેમ, લીડરશીપ ગેમ્સ, માઇન્ડ ગેમ્સ, ફેશન શો, ટ્રેઝર હન્ટ અને કેમ્પ ફાયર જેવી વિવિધ રમત-ગમત નો આનંદ માણ્યો. ફેશન શો બાદ ગરબા અને ડીજે નો આનંદ માણતા છોકરાઓએ ખુબ ધમાલ કરી.

તદઉપરાંત રાત્રે ટેન્ટ રોકાણ અને રેઇન ડાન્સમાં પણ સહુએ મજા માણી. બસની યાત્રા પણ ખુબ આનંદમય અને મજા કરી પૂર્ણ થઇ. ૯૦ સહભાગી અને વિદ્યાર્થી સંઘના સભ્યો ૬ કલર (સફેદ, કેસરી, લાલ, લીલો, પીળો અને નીલો) ગ્રુપમાં ડીવાઇડ થઈ રમત-ગમત ક્ષેત્રે ભાગ લીધો તેમાં ઇનામ રૂપી બેસ્ટ પાર્ટીસીપેન્ટ મેલનો ખીતાબ અને બેસ્ટ પાર્ટીસીપેન્ટ ફીમેલ નો ખીતાબ જીત્યો હતો તેમજ ગ્રુપ વતી બેસ્ટ વિનર તરીકે લીલો કલર અને બેસ્ટ રનર અપ તરીકે લાલ કલર એ ખીતાબ મેળવ્યો હતો.

આ કેમ્પને સફળ બનાવવા પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડ અને માનંદ-મંત્રી કું. એકતા ઉદયન લોડાયાના નેતૃત્વમાં કોષાધ્યક્ષ રૂષભ ગુલાબ પોલડિયા, સહ માનદ-મંત્રી શુભમ મહેન્દ્ર લાપસિયા અને કું. લબ્ધી નીરેન લોડાયા, સહ કોષાધ્યક્ષ પ્રીન્સ વિનીત ધરમશી અને કું. સૃષ્ટિ કીરીટ લોડાયા, કારોબારી સભ્યો મીત સંજય મૈશેરી અને અશ્વીન શાંતિલાલ લોડાયા તથા સંપર્ક સભ્યો ઉર્વેશ છેડા, કું. ધનિષ્ટા ધરમશી, કું. હર્ષિતા પોલડીયા, હર્ષિત દંડ, કું. ઇશીતા છેડા, કું. વિધી છેડા, ભવ્ય દંડ, કું. હેતલ લોડાયા, ગૌતમ એસ. લોડાયા, પુર્વેશ લોડાયા, વંદન ધરમશી, સ્મિત લોડાયા, ઉજ્વલ લોડાયા, ધર્મિલ મૈશેરી અને ગૌતમ યુ. લોડાયા એ ભારી જહેમત ઉઠાવી.



Beat the Heat



Special Gift from Trainer



Vote of Thanks by President



Vote of Thanks by Secretary



Best Girl Participant



Best Boy Participant



Winners of the Camp (Green Team)

## અમારૂં નવું સરનામું અને ફોન

| | |
|---|---|
| **કિશોર રતનશી સાંયા** | ૨૨૬, વિશાલ નગર, અંબે માતા મંદિર સામે, ઈશાનપુર, અમદાવાદ - ૩૮૨ ૪૪૩. મો.: વંદના ૦૮૮૬૬૫ ૧૨૫૯૨. |
| **કિરીટ પુનશી માલદે** | ૨૧, શીતલ છાયા, ૭મે માળે, જે.એન. રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૦૯૦૨૨૪૬૮૪૦૨, ૦૯૩૨૩૮૧૩૪૪૬ |
| **શ્રીમતી ગીતા નવીમચંદ લોડાયા** | ૮, ચિત્રા બિલ્ડીંગ, નૂતન પ્રશાંત કો.હા.સો., એસ.એન.રોડ, તાંબે નગર ગેટ નં ૧, મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ગીતા ૦૯૯૬૬૩૧૯૨૨૭, મનીષ ૯૮૩૩૯ ૦૪૨૬૫ |
| **વિરચંદ પદમશી લોડાયા** | ૪૩૬, નાકોડા નગર, સાધુ વાસવાની કુંજની પાછળ, વૉર્ડ -૬બી, આદિપુર -૩૭૦૨૦૫, કચ્છ. મો.: ૦૯૯૭૮૫ ૪૯૫૩૬ |
| **શ્રીમતી ઉર્મિલા દેવશી (કાથાવાલા)દંડ** | ૨૦૨, તનિષ્ક હાઈટ્સ, બીજે માળે, ઓઘડભાઈ લેન, એમ.જી.રોડ, પૂજા હોટેલ પાસે, ઘાટકોપર(ઈ), મુંબઈ- ૪૦૦ ૦૭૭. મો. : ૦૯૧૩૭૩૩૧૧૫૬ |
| **રમેશ ચાંપશી લુઠિયા** | ૩૦૬, સેડાર, ૩ જે માળે, રૂનવાલ ટાવર નં. ૪, મુલુંડ-ગોરેગામ લિંક રોડ, નાહુર, ભાંડુપ(વે.), મુંબઈ- ૪૦૦ ૦૭૮ |

## જીવનઘટમાળ

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૦૪-૧૮ | સૂરત | દ્રવ્ય, શ્રુતિ મુકેશ છેડા | જસાપર | પુત્ર |
| ૨૫-૦૪-૧૮ | માધાપર | મનીત, ભાવિકા લોકેશ તારાચંદ લોડાયા | સુથરી | પુત્ર |
| ૨૬-૦૪-૧૮ | ઘાટકોપર | પરમ, તેજલ ઋષભ જીતેન્દ્ર લોડાયા | નલીયા | પુત્ર |
| ૨૭-૦૪-૧૮ | ભુજ | પ્રશમ, તેજલ હર્ષદ ગોવિંદજી સોની | સાંયરા | પુત્ર |
| ૨૯-૦૪-૧૮ | અમદાવાદ | રાવ્યા, મેઘા કાર્તિક કિશોર સાંયા | સજાપુર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૫-૧૮ | ધુલિયા | પ્રીતેશ ડુંગરશી અમરચંદ ડાઘા (ભાટે) | ગોએરસમા | ૨૫ |
| | કોપરખેરાને | પાનેરી હરીશ કસ્તુરચંદ કુંવરજી ભેદા | વારાપધર | ૨૪ |
| ૨૦-૦૫-૧૮ | કોપરખેરાને | પ્રતિક હરીશ કસ્તુરચંદ કુંવરજી ભેદા | વારાપધર | ૩૦ |
| | ભાંડુપ | નેહા હિરેન મેઘજી લખમશી સોની | સુથરી | ૨૭ |
| ૨૦-૦૫-૧૮ | ડોમ્બીવલી | જીમીત કમલેશ ચંદુલાલ દંડ | ઘ્રાફા | ૨૬ |
| | થાણે | લીના નરેન્દ્ર ઠાકરશી મોતા | રાપર ગઢવારી | ૨૬ |
| ૦૩-૦૬-૧૮ | ડોંબિવલી | મેહુલ ખીમજી દામજી દંડ | મંજલ રેલડીયા | ૨૯ |
| | આંતરજાળ/આદિપુર | ચાર્મી પંકજ ઠાકરશી લોડાયા | વારાપધર | ૨૪ |
| ૧૫-૦૬-૧૮ | ડોંબિવલી | દિપક પ્રવિણ દંડ | વરાડીયા | ૨૮ |
| | ડોંબિવલી | બિના નિલેશ મૈશેરી | વારાપધર | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૫-૧૮ | ભોપાલ | પ્રતિક ધીરેન્દ્ર વાલજી મોતા | વાંકું | ૩૨ |
| | વિલેપાર્લે | ધ્રુવી હસમુખ નાનજી ગાલા | લાકડિયા | ૩૧ |
| ૧૩-૦૫-૧૮ | અમદાવાદ | ભાર્ગવ પ્રકાશ કુમાર મણિયાર | ભાવનગર | ૨૬ |
| | ભુજ | હેતલ પ્રદિપ લધુભાઈ દંડ | મંજલ રેલડીયા | ૨૩ |

## આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૫-૧૮ | અંધેરી | ચિરાગ સોમચંદ વેલજી ધુલ્લા | રાપર ગઢવારી | ૩૩ |
| | સાંતાક્રુઝ | નિયતિ વિસનજી દેવરાજ નાગડા | ડુમરા | ૩૧ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૮ | હુબલી | જય ભરત ખીમજી મોમાયા | રાપર ગઢવારી | ૩૩ |
| | રાયપુર | ચાંદની કિરીટ શિવજી પોલડીયા | બાયઠ | ૨૬ |
| ૧૮-૦૪-૧૮ | પુના | યોગેશ વીરચંદ પાશ્વીર છેડા | નલિયા | ૨૮ |
| | ખામગામ | નિકિતા ચિતરંજન જયચંદ દંડ | લાલા | ૨૬ |
| ૨૧-૦૪-૧૮ | ડોંબિવલી | કલ્પેશ કાંતીલાલ શિયાડ | જખૌ | ૩૪ |
| | ઘાટકોપર | અલ્પા અમૃતલાલ પાસડ | ભોજાય | ૩૪ |

## આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૪-૧૮ | બારશી | ભાવેશ નારાણજી ખીમજી ખૌના | મોટી ખાવડી | ૩૫ |
| | ચિંચવડ/પુના | પલ્લવી કૈલાશ શામરાવ પવાર | ચિંચવડ/પુના | ૨૫ |
| ૧૨-૦૫-૧૮ | કલ્યાણ | જીગર દેવેન્દ્ર પ્રેમજી ગણાત્રા | મોટી અકરી | ૨૭ |
| | ડોંબિવલી | નેહા જયંતીલાલ હંસરાજ ડાઘા | દલતુંગી | ૨૫ |
| ૦૮-૦૫-૧૮ | કાંદીવલી | ધવલ મનોજ કટકિયા | નેસડા | ૩૧ |
| | નેરૂલ | મિતાલી જગદીશ નાગડા | નલિયા | ૩૧ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૫-૧૮ | ડોંબિવલી | ઝવેરચંદ ગાંગજી ઘરસશી | રંગપુર | ૫૯ |
| ૨૪-૦૫-૧૮ | ડોંબિવલી | પ્રફુલ ખીંયસી શિયાળ | જખૌ | ૬૩ |
| ૨૫-૦૫-૧૮ | ઘાટકોપર | અમિતા રાયચંદ શામજી ધરમશી | સુથરી | ૫૪ |
| ૨૭-૦૫-૧૮ | પાલઘર | પ્રેમિલા ઉદયપાલ મોમાયા | વરાડીયા | ૬૭ |
| ૨૮-૦૫-૧૮ | પૂના | અમોલ દત્તાત્રય ચૌગલે (નવલબાઈ માણેકજી ચાંપશી પાલાણીના જમાઈ) | - | ૬૩ |
| ૨૯-૦૫-૧૮ | ડોંબિવલી | ભાગ્યવંત રામજી ખોના | નલિયા | ૭૫ |
| ૩૦-૦૫-૧૮ | ગોરેગામ | સૌ દમયંતી પ્રફુલચંદ દંડ | સાંધવ | ૫૯ |
| ૩૦-૦૫-૧૮ | મસ્જીદ બંદર | હીરબાઈ ચાંપશી નાગડા | રાપર ગઢવારી | ૮૭ |
| ૩૧-૦૫-૧૮ | ઔરંગાબાદ | શરદ તેજપાલ ખીમજી લોડાયા | સાંયરા | ૮૪ |
| ૦૩-૦૬-૧૮ | તિરૂપતી | બુધ્ધિધન પદમશી રાઘવજી મોમાયા | વરાડીયા | ૬૧ |



અંતરના હાર્દિક અભિનંદન
લોડાયા પરિવારનું ગૌરવ
ગામ : તેરા, કચ્છ – હાલે (મુલુંડ)
કુ. ખ્યાતિ ઉમેશ ચાંપશી લોડાયા
CBSE - 10th
96%
Without Tuitions
અ.સૌ. જીજ્ઞા (ગાયત્રી)
ઉમેશ ચાંપશી લોડાયાનું ગૌરવ
ભવિષ્યમાં
ઉચ્ચ શિક્ષણના
શિખરો સર કરી
ઉજ્જવળ કારકીર્દિના પંથે
અગ્રેસર થાઓ
એ જ શુભકામના
શુભેચ્છક :
મોટામમ્મી-પપ્પા - રશ્મિ પ્રતાપ ચાંપશી લોડાયા
ભાભી-ભાઈ - અમી અલ્કેશ પ્રતાપ લોડાયા
મોટામમ્મી-પપ્પા - રિના વીરેન્દ્ર ચાંપશી લોડાયા
ભાભી-ભાઈ - જાનકી જય વીરેન્દ્ર લોડાયા
ફોઈ - જ્યોત્સના હિરાચંદ છેડા
મામા-મામી - હિના ચંદ્રેશ ડાઘા
ભાઈ-બહેન - ખુશ્બુ અમિત શાહ
હિનલ, રોનક, હર્ષિતા, ધ્વનિ, હાર્દિક
શુભેચ્છક - પ્રતાપ હિરજી ધુલ્લા પરિવાર (ચેતક કેટરર્સ)

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

નિશીત એ. દંડ
(સેક્રેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)
mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine